શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ
સંચાલિત

RNI NO. 6304 / 62

# પંચોલી નવયુગ







જાન્યુઆરી અંક - ૧
વર્ષ : ૫૩ સળંગઅંક : ૪૨૭
માસિક કિંમત - ૧૦/- વાર્ષિક લવાજમ - ૧૦૦/-

તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી
સહતંત્રી : ભાવના મલયકુમાર મિસ્ત્રી



**સ્વ. વિઠ્ઠલદાસ સોમાભાઈ પંચોલી**
**રાજપીપલા**

જન્મ : ૧૭.૪.૧૯૧૮ સ્વર્ગવાસ : ૪.૧.૧૯૯૮
ચૈત્ર સુદ ૭, ગુરૂવાર પોષ સુદ સાતમ, રવિવાર

## નવયુગ શુભેચ્છક

# અઢારમી પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલિ

આપનો માયાળુ નિઃસ્વાર્થ મીલનસાર સ્વભાવ, કૌટુંબિક ભાવના,
પ્રેમ, દીર્ઘ દ્રષ્ટિ અને ધાર્મિકવૃતિ આપના સમગ્ર જીવનમાં
કામ પ્રત્યેની કર્તવ્યનિષ્ઠા, તનતોડ મહેનત કરવાના
આપના આદર્શ ગુણો વિસરી શકાય એમ નથી,
આપ લીલી સંસારવાડી મુકી દતશરણ થયા......
પરમાત્મા આપના દર્શાવેલ પરમપથ પર પદાર્પણ કરવા
અમો સહુને શકિત અર્પે

## અર્પણકર્તા

સ્વ. જેકોરબેન વિઠ્ઠલદાસ પંચોલી

| | |
|---|---|
| પનસભાઈ વિ. પંચોલી | સ્વ. રમીલાબેન પી. પંચોલી |
| ઠાકોરભાઈ વિ. પંચોલી | જયોતિષબેન ટી. પંચોલી |
| ચેતનભાઈ વિ. પંચોલી | જયોતિબેન સી. પંચોલી |
| ભુપેન્દ્રભાઈ વિ. પંચોલી | જયશ્રીબેન બી. પંચોલી |
| પ્રવિણભાઈ વિ. પંચોલી | મમતાબેન પી. પંચોલી |
| પુષ્પકાંત વિ. પંચોલી | ભાવનાબેન પી. પંચોલી |
| સ્વ. પરસોત્તમદાસ જે. પંચોલી | સ્વ. સુશીલાબેન પી. પંચોલી |
| રાજેશભાઈ ગોરધનભાઈ પંચોલી | હંસાબેન રાજેશભાઈ પંચોલી |
| પ્રવિણચંદ્ર છોટુભાઈ દેસાઈ | ભદ્રાબેન પ્રવિણચંદ્ર દેસાઈ |

તથા સમસ્ત પરિવાર

2010-2030

## આપ બન્નેને અમારી સૌની વંદના



સ્વ. મણીલાલ ભૂલાભાઈ પંચોલી
જ.તા. ૧.૧.૧૯૨૮
સ્વર્ગવાસ : ૯.૬.૨૦૧૨(૮૪ વર્ષ)

સ્વ.અ.સૌ. ભગવતીબેન મણીલાલ પંચોલી
જ.તા. ૧.૧.૧૯૩૪
સ્વર્ગવાસ ૨૯.૧૧.૧૧ (૭૭ વર્ષ)

## નવયુગ શુભેચ્છક

સ્નેહભીની કરુણામયી માતા ચરણે શરણ દીજે,
બીલખ રહે હમ શિશુ સુત તેરે દયા દ્રષ્ટિ કીજે,
જય માતાદી.... જય માતાદી.....
જય માતા કી જય હો....
નવલું વર્ષ તંદુરસ્તમય, તાજગીમય અને
આનંદમય બની રહો એજ પ્રાર્થના
સર્વે જ્ઞાતિજનોને
અમારા

## વર્ષ ૨૦૧૬ના સાલમુબારક

કિરણ મણીલાલ પંચોલી
અ.સૌ. પ્રીતિ કિરણ પંચોલી
કૌશલરાજ કિરણ પંચોલી
અ.સૌ. રીમા કૌશલરાજ ગજ્જર
ચિ. હેતલ કિરણ પંચોલી
ચિ.. અક્ષર જયેશભાઈ ગાંધી

૨૦૨, ૨જે માળે, વિંગ-એ, ગણેશકૃપા બિલ્ડીંગ, બ્રહ્માકુમારી સૅન્ટર સામે, પ્લૉટ ૬-ડી,
દત્તાત્રેય રોડ, સાંતાક્રુઝ(પશ્ચિમ), મુંબઈ - ૪૦૦ ૦૫૪ AS.
ફોન : (૦૨૨) ૨૬૬૧ ૪૦૩૨ મૉબાઈલ : ૦૯૩૨૨૨ ૬૩૫૨૮

2010-2030

# હ્રદયાંજલિ..





**સ્વ. ગં.સ્વ. પન્નાબેન રમેશચંદ્ર મિસ્ત્રી**
જન્મ : ૧૫.૦૧.૧૯૫૬
સ્વર્ગવાસ : ૧૬:૦૬:૨૦૧૩

**સ્વ. રમેશચંદ્ર દલપતરામ મિસ્ત્રી**
જન્મ : ૧૬.૦૬.૧૯૫૧
સ્વર્ગવાસ : ૨૪.૦૬.૨૦૦૧

અમારા જીવનબાગને સરળતાથી વિકસાવી, સભરતાથી મહેકાવી અને સફળતાથી સમૃદ્ધ કરી આપ બન્ને માતુશ્રી તથા પિતાશ્રીએ આ લૌકિક જગતથી વિદાય લીધી.
આ પ્રથમ સ્મૃતિ રૂપે આપના આ સ્વજનો તરફથી સાદર અર્ચના અને સહૃદયી ભાવાંજલી અર્પણ કરીએ છીએ...
આપના સંસ્કારોનો મંગલદીપ આપના આદર્શોની અને આપની ગરિમાનો ધ્રુવ તારો સદાય અમને પ્રકાશ, પ્રેરણા અને પ્રેમની આભા આપતા રહેશે.
મૃત્યુ જીવનને મહાન કરી શકે છે.. પણ સ્નેહ, સ્મરણ અને આત્માને જીતી શકતુ નથી.
એ...ચિરંજીવ છે.. તમારું સ્મરણ અવિનાશી છે.
આપ બન્નેના દર્શન ! અને અજરાઅમર છે તમારો વારસો !

## અર્પણકર્તા

લીનાબેન રાહુલકુમાર મિસ્ત્રી
મીરારોડ

નિલેશકુમાર રમેશચંદ્ર મિસ્ત્રી
ભિલાડ

હેતલબેન ધવલકુમાર પંચોલી
વ્યારા

ચિ. કશ્વી - દ્વિતી - ઈશિકા - પ્રનીલ - વૈદેહી



## નવયુગ શુભેચ્છક

## સાતમી પૂણ્યતીથીએ
## ભાવભરી શ્રદ્ધાંજલી

ખરેખર 'મા' આજે પણ તમારા વ્હાલના
દરિયા સમી આઠેય દિકરીઓ તમારી
સતત હૂફ ઝંખે છે. ફોન કરતાં જ 'દિકરા'
અને 'બેટા' જેવા શબ્દો સાંભળવા
અમારા કાન તલસી રહ્યા છે.
પ્રેમાળ અને સદા હસતો ચહેરો
આજે પણ આંખની સમક્ષ તરતો રહે છે,
સાથે એ હૃદયમાં હજી પણ એવો ને એવો અકબંધ છે.
તમારા પ્રેમાળ અને સ્નેહભર્યા સ્પર્શને ઝંખતી
તમારી વ્હાલના દરિયા સમી દિકરીઓ

પદમા, ધર્મિષ્ઠ(જયોતિ), માયા, પ્રવિણા,
હેમા, ગીતા, સોનલ, અલોકી
તથા પરિવારજનો....

અક્ષરવાસી
ગં.સ્વ. શાંતાબેન ભીખાભાઈ પંચોલી
જન્મ તા. ૬.૮.૧૯૨૮ અ.વા.તા. ૨૧.૧.૨૦૦૯

2010-2030

## નવયુગ શુભેચ્છક



સ્વ. કૃષ્ણકાંત ઉત્તમરામ મારફતીઆ
જન્મ : ૨૦.૯.૧૯૫૪ સ્વર્ગવાસ : ૧૩.૧.૨૦૧૦

## છઠ્ઠી પૂણ્યતિથિએ.....હૃદયાંજલિ

'આપના સમૃદ્ધ આદર્શો, અથાગ પરિશ્રમ, સાદગીભર્યું જીવન,
પરોપકારી સેવાભાવી સ્વભાવ, શિક્ષણ આપવાના-વધારવાના
સતત પ્રયાસો તથા સચ્ચાઈ અમારા પ્રેરણા સ્ત્રોત બની રહ્યા છે
ને રહેશે.' આપના દેહવિલયને આજે છ વર્ષ પૂરા થયા છે,
ત્યારે પ્રભુ આપના દિવ્ય આત્માને
પરમ શાંતિ બક્ષે એજ પરિવારની પ્રાર્થના.....

### અર્પણકર્તા

ગં.સ્વ. જયશ્રીબેન કૃષ્ણકાંત મારફતીઆ
ગં.સ્વ. નિર્મળાબેન યુ. મારફતીઆ

નિરજકુમાર કે. મારફતીઆ સ્વાતિ નિરજ મારફતીઆ
ચિ. પ્રાર્થવી નિરજ મારફતીઆ ચિ. આર્યન નિરજ મારફતીઆ
હર્ષકુમાર કમલેશભાઈ શાહ મેઘના હર્ષકુમાર શાહ
શ્રી અનિલકુમાર યુ. મારફતીઆ શ્રીમતિ વાસંતીબેન એ મારફતીઆ

૪૧/૭, 'શ્રી કૃષ્ણ વિહાર'
સોમનાથ મહાદેવ રોડ, સરગમ શોપિંગ સેન્ટરની પાછળ,
અઠવા લાઈન્સ, સુરત – ૩૯૫ ૦૦૭
(ઘર) + ૯૧–૨૬૧–૨૨૫૭૨૬૪
મો. : ૯૩૨૭૯ ૩૧૫૨૫

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

# પંચોલી નવયુગ

જાન્યુઆરી - ૨૦૧૬

રજી. નં.: A/1822 ભરૂચ
RNI NO. 6304 / 62

**પ્રકાશનનું સ્થળ**
ડી-૩૦૨, શુભમ રેસીડન્સી, મેધા ઓટોમોબાઈલ્સ સામે, રાજકમલ આર્કેડ પાછળ, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર-૨

**પ્રકાશન સામયિકતા :**
માસિક
પ્રકાશક તંત્રીનુંનામ : શ્રી દિનેશભાઈ એમ. મિસ્ત્રી
મુદ્રકનુંનામ : શ્રી દિનેશભાઈ એમ. મિસ્ત્રી
મુદ્રકનુંસરનામું : અક્ષર પ્રિન્ટર્સ, ૨,૩, અજીત એસ્ટેટ, જુની દેનાબેંક પાછળ, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર
માલિકી ધરાવનાર : શ્રી પંચોલી સેવા સમાજ, મહામંડળ. બી-૨૫, બ્રીજનગર, અંકલેશ્વર

હું દિનેશભાઈ એમ. મિસ્ત્રી આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલ માહિતી મારી જાણ મુજબ સાચી છે......

## પંચોલી નવયુગ જાહેરાતના નવા દર

| | |
|---|---|
| મલ્ટીકલર પેજ (ગ્લેઝ પેપર) | ₹ ૭,૦૦૦/- |
| નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર સિંગલ કલર) | ₹ ૨૫૦૦/- |
| દિપોત્સવી નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર સિંગલ કલર) | ₹ ૩૦૦૦/- |
| કલર પેજ ફક્ત દિપોત્સવીઅંક (એક ફોટો ફ્રી) | ₹ ૧,૮૦૦/- |
| સાદુ પેજ (એક ફોટો ફ્રી) | ₹ ૧,૫૦૦/- |
| અડધુ પેજ | ₹ ૭૫૦/- |
| અડધુ પેજ એક ફોટા સાથે | ₹ ૮૦૦/- |
| પા પેજ | ₹ ૪૦૦/- |

(પા પેજ, અડધા પેજ અને આખા પેજમાં એક થી વધુ ફોટાના ફોટા દીઠ ૫૦ રૂા. વધારે આપવાના રહેશે.)

**નવયુગ શુભેચ્છક** ₹૧૫,૫૫૫/-
(પ્રથમ વર્ષે એક પેજ પર અને ત્યારબાદ ૨૦ વર્ષ સુધી દર વર્ષે દાતાઓનો ફોટો તથા મેટર અડધા પેજ પર છાપવામાં આવશે.)

**નવયુગ શુભચિંતક** ₹ ૨,૫૨૫/-
(દર માસે ક્રમ મુજબ પાનાની નીચે નામ આવશે. અથવા દિપોત્સવી અંકમાં એક વખત ફોટો છપાશે (ફોટો છપાશે તો નામ આવશે નહિં.)

## પંચોલી નવયુગ લવાજમના દર

**માસિક કિંમત - ૧૦/-**
**વાર્ષિક લવાજમ - ૧૦૦/-**

# તંત્રીનોંધ......

સુજ્ઞ જ્ઞાતિજનો...

કુશળ હશો.....

શીયાળાની શરૂઆત થઇ અને ઠંડીનો ચમકારો પણ આપણે માણ્યો... ઋતુ ઋતુનું કાર્ય કરે છે અને આપણે આપણું કાર્ય કરીએ છીએ... જે રીતે ઋતુઓ મોડી થતી ગઇ એજ રીતે આપણું નવયુગ પણ હવે ઋતુ જેવું અનિયમિત થઇ ગયું છે... પહેલા દર મહિનાની ૧ થી ૫ તારીખ સુધીમાં જ્ઞાતિજનોને નવયુગ મળી જાય એવા પ્રયત્નો કરવા છે... ૨૦ તારીખ પહેલા આપની મેટરો મોકલી આપવા વિનંતી....

શરૂ થતું ૨૦૧૬નું વર્ષ આપ સૌને અને પંચોલી નવયુગને પણ ફળદાયી, લાભદાયી અને યશસ્વી બને એવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના...

દિપોત્સવી પંચોલી નવયુગ જાહેરાત મેળવવા માટે વિવિધ પ્રયત્નો, પોષ્ટકાર્ડ દ્વારા રીમાઈન્ડર, સમય મર્યાદા પછી જાહેરાત મોકલવી ત્યારબાદ પ્રિન્ટીંગ અને બાઈન્ડીંગની પ્રક્રિયા અને નવયુગ તૈયાર થયા બાદ એનું વિતરણ વિવિધ સ્થળો પર જાતે જઈને કરવું, અને પછીની પ્રક્રિયામાં નવયુગ નથી મળતું ની બુમો..... આ દિપોત્સવી અંક પાછળની જહેમત એટલે ટેન્સન... ટેન્સન... ટેન્સન.... અને એમાં પાછું કંઇક નવું પણ નીકળી આવે.. ત્યારે મન પાછળ પડી જાય અને કહે આટલી બધી કામગીરીનો આવો બદલો ? ? ? નવયુગ તંત્રીની કામગીરી એટલે ૩૬૫ દિવસની.... લગ્ન હોય, મરણ હોય, શ્રીમંત હોય કે ગમે તે પરિસ્થિતિમાં હોય એક જ પ્રશ્ન નવયુગ નથી મળતું... જેટલી તત્પરતા નવયુગ નથી મળતુ તેની રાખો છો એટલી જ તત્પરતા નવયુગ માટે કંઇક કરવાની બતાવો તો ??.... દિવાળીમાં જાહેરાત આપો... લગ્ન પ્રસંગે, મરણ પ્રસંગે, બાળકોની વર્ષગાંઠ પ્રસંગે નવયુગ યાદ આવે છે ???? જેટલો હકક બતાવો છો એટલી ફરજ પણ બજાવો... દરેક એકમોને પણ વિનંતી દિપોત્સવી અંકની જાહેરાતની અનુક્રમણિકામાં તમારા એકમનું નામ છે ???? વિચારો અને અનુસરો...

**જેમને નવયુગ નથી મળતુ કે નથી મળ્યું તુરત એક પોષ્ટકાર્ડ પર તમારું પુરેપુરું એડ્રેસ પીનકોડ નંબર સાથે જણાવો...**

દો કદમ હમ ભી ચલે.... દો કદમ તુમ ભી ચલો....આપણી જુની અને જાણીતી કહેવત 'વિના સહકાર નહિ ઉદ્ધાર' તો આપ દો કદમ ચાલવા રાજી છો....???? જો આપની હા હોય તો વર્ષ ૨૦૧૬માં તમને નવયુગ સમયસર અને નિયમિત મળે એવા પ્રયત્નો કરવા છે...

# પ્રમુખ નોંધ......

મનિષભાઇ એમ. પંચોલી
પ્રમુખ-શ્રી પં.સે.સ. મહામંડળ

સુજ્ઞ જ્ઞાતિજનો

દિવાળીના તહેવારની ઉજવણી કરી વેકેશનની મઝા માણી આપણે સૌ પોતપોતાના કાર્યમાં જોડાય ગયા છે. ગુલાબી ઠંડીની મઝા માણી રહ્યા છીએ..

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ પ્રેરીત શ્રી સમસ્ત પંચોલી સુથાર પંચની ધર્મશાળા-ઉનાઇ અને શ્રી પંચોલી જ્ઞાતિ સમાજ વ્યારા આયોજીત સમૂહલગ્ન-૨૦૧૬નું આયોજન કરવામાં આવેલ હતું પણ દુઃખની સાથે કહેવું પડે છે કે સમાજના જ્ઞાતિજનો આ કાર્યમાં સહકાર ન આપવાના કારણે આપણે સમૂહ લગનનું આયોજન કરી શકયા નથી.. જાન્યુ. ૨૦૧૬ અને ફેબ્રુઆરી - ૨૦૧૬માં ઘણાં જ્ઞાતિજનોને ત્યાં લગ્નો આવે જ છે આ યુગલો જો સમાજ પ્રેરિત સમૂહ લગ્નમાં જોડાય તો સમાજનો ઘણો પૈસો બચી જાય સમાજમાં એક અનુકરણિય કાર્ય કરી ઉદાહરણ રૂપ બની શકાય... પરંતુ જાગૃતિનો અભાવ કે દેખા-દેખીના કારણે આપણે આવા કાર્યોમાં જોડાતા નથી આ ઘણી જ દુઃખદ વાત છે...

સમાજનું દર્પણ ગણાતું પંચોલી નવયુગ છેલ્લા ૫૩ વર્ષથી નિયમિત પ્રકાશિત થઇ રહ્યું છે. આ વર્ષનો દિપોત્સવીનો ખૂબ જ સુંદર અંક આપણા તંત્રીશ્રીએ પ્રકાશિત કર્યો.. તંત્રીશ્રી દ્વારા પૂરતી કાળજી લઇને તમામ જ્ઞાતિજનોને સંતોષ પ્રાપ્ત થાય એ માટે કાર્ય કરે છે.. તંત્રીશ્રી સમાજની કારોબારી તથા સામાન્ય સભા દ્વારા વખતો વખત લેવામાં આવતાં નિર્ણયોનું પાલન કરી જ્ઞાતિજનોને સંપૂર્ણ સંતોષ પ્રાપ્ત થાય એવું કાર્ય કરી સમાજ સેવા નું ઉમદા ઉદાહરણ પુરૂં પાડે છે ત્યારે સમાજ સેવા માટે પોતાનો કિંમતી સમય આપી સેવાનું કાર્ય કરતા આવા તંત્રીશ્રી કે અન્ય હોદ્દેદારો પર કરવામાં આવતા અક્ષેપો કેટલા અંશે વ્યાજબી છે ? મિત્રો આજના ઝડપી યુગમાં જ્યારે આપણે આપણાં કુટુંબના માટે સમય ફાળવી શકતા નથી ત્યારે સમાજ સેવાનાં ઉમદા હેતુથી આ કાર્ય કરતાં હોદ્દેદારોને આપણે તેની કાર્યશૈલીને બિરદાવી જોઇએ ત્યારે તેમના પર કરવામાં આવતા આક્ષેપો એ ખૂબ જ દુઃખદ અને શરમજનક ઘટના કહીએ તો ખોટું નથી. મિત્રો આપણે આપણાં ફેમીલીનો પ્રશ્ન ને કયારે પણ સમાજ સાથે જોડવાનો પ્રયત્ન ન કરવો જોઇએ. આવા કાર્યથી સમાજને લાંબા ગાળે ખૂબ જ મોટા પ્રમાણમાં નુકશાન થવાનો સંભવ રહેલ છે. કોઇ કાર્યકર આવા કાર્યમાં જોડાશે નહીં આવી ઘટના વખોડવાને પાત્ર બને છે. આપણે સૌ ભેગા મળીને સમાજને અને સમાજમાં થતી પ્રવૃત્તિને આગળ વધારવાની છે. તેમાં આપણને સૌનો સાથ સહકારની જરૂર પડે છે. સમાજમાં થતી આવી પ્રવૃત્તિઓને લઇને હું ઘણો જ નારાજ થઇ ગયો પરંતુ સમાજનાં તમામ મિત્રોના સહકાર અને આશ્વાસનનાં કારણે બનેલ ઘટના ને વખોડીને આપણે સૌ સમાજને આગળ વધારવા માટે અને સામાજિક કાર્યોને વેગ આપવા માટે આગળ વધીએ. હું તમામ જ્ઞાતિજનોને વિનંતી કરું છું કે આપણાં કુટુંબના પ્રશ્નો ને કોઇપણ દિવસ સમાજ સાથે જોડાવાનો પ્રયત્ન ન કરવો અને સમાજ માટે રાત-દિવસ ઘસીને પોતાનો કિંમતી સમય કોઇપણ સ્વાર્થ વિના આપણાં સમાજના હોદ્દેદારો આપી રહ્યા હોય ત્યારે એમના પર કોઇપણ દિવસ આક્ષેપો ન કરવા વિનંતી કરું છું. આના કારણે કાર્યકરનું મનોબળ તુટે છે. હું આશા રાખું છું કે આવા કાર્ય કરનાર જ્ઞાતિજનો સમાજને સહકાર આપે અને સમાજની પ્રવૃત્તિઓને વેગવંતી બનાવવામાં આગળ આવે. આવો આપણે સૌ પોતાનાં મતમતાંતરો ભુલીને આદર્શ સમાજ બનાવવાની દિશામાં આગળ વધીએ...

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ દ્વારા આપણે મેડીકલ, શૈક્ષણિક અને વિધવા સહાય આપતાં આવ્યા છે. મહામંડળની ૫૦ વર્ષના ઉજવણી પ્રસંગે અને સમાજનાં તમામ નાના-મોટા ભાઇ-બહેનો નો સહકાર પ્રાપ્ત થાય અને જરૂરીઆતમંદ જ્ઞાતિજનો ને આપણે પૂરતી રકમને સહાય આપી શકીએ એ માટે 'સ્વર્ણિમ ફંડ'ની રચના કરવામાં આવી ઘણાં મિત્રો તરફથી સારો સહકાર પ્રાપ્ત થયો છે. તમામ દાતાઓનો આભાર વ્યકત કરું છું. ઘણાં મિત્રો તરફથી હજુ સહકાર પ્રાપ્ત થયો નથી. આવા નવયુવાન મિત્રો વડિલોને વિનંતી કરું છું કે આપણે સમાજને પાંચ વર્ષ માટે રૂા. ૧,૦૦૦/-, ૨,૦૦૦/- અને રૂા. ૫,૦૦૦/-નું દાન જ આપવાનું છે. આ દાનની રકમમાંથી આપણે મેડીકલ, શૈક્ષણિક અને વિધવા સહાયમાં ૨૫ - ૨૫ % રકમ આપીએ છીએ. ૨૫% બાકી પડતી રકમ આપણે મહામંડળના સ્વર્ણિમ ફંડમાં લઇ જઇએ છીએ. જે મિત્રો આ યોજનામાં જોડાવવા માંગે છે અને સમાજ સેવાના આ યજ્ઞમાં સેવા કરવાની તક ઝડપવા માંગે છે તેઓશ્રીએ પોતાના દાનની રકમ શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ, વ્યારાના નામના સેવિંગ્સ એકાઉન્ટસ 02690100010065 IFC Code BARBO VYARAX માં જમા કરાવી મહામંત્રીશ્રી રાજેશભાઇ પંચોલીને જાણ કરશો. જેથી તમોએ જમા કરાવેલ રકમની રસીદ મોકલી શકીએ. ફરી હું તમામ જ્ઞાતિજનોને વિનંતી કરું છું કે તમો તમારા આવકની અમૂક રકમ સમાજ સેવા પાછળ કાળવી શકો જેથી સમાજના જરૂરીઆતમંદ જ્ઞાતિજનોને આપણે મદદરૂપ થઇને તેઓનું જીવન ધોરણ ઉંચુ લાવી શકીએ..

## અનુકરણિય

ઓકસફોર્ડ યુ.કે. નિવાસી ઝંખનાબેન મેહુલભાઇ પંચોલી તરફથી શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળને રૂા. ૨૫૦૧/- મેડીકલ સહાય માટે અને રૂા. ૨૫૦૧/- શૈક્ષણિક સહાય માટે મળ્યા છે... આભાર.....

# હૃદયાંજલી



**સ્વ. હિંમતલાલ મોહનલાલ પંચોલી**
**તા. ૧૩-૧૨-૨૦૧૫**

મળે છે દેહ માટીમાં, પણ માનવીનું નામ જીવે છે.
મરે છે માનવી પોતે માનવીનું કામ જીવે છે.
થયો નથી મારા દિલને વિશ્વાસ, તમો આજ નથી અમારી પાસ.
ઘરના દરેક ખૂણે તમારી સુવાસ છે. દિલની હર ધડકનમાં તમારો વાસ છે.
સદ્ગુરુ કરુણાસાગર મહારાજ આપના આત્માને એમના ચરણોમાં સ્થાન આપી
કૈવલધામનું સુખ આપે એવી અમારી અંતઃકરણથી પ્રાર્થના....

## અર્પણકર્તા

ગં.સ્વ. મધુબેન હિંમતલાલ પંચોલી
શ્રી કનુભાઈ હિંમતલાલ પંચોલી — શ્રીમતિ ચંદ્રિકાબેન કનુભાઈ પંચોલી
ચિ. પાર્થ કનુભાઈ પંચોલી
શ્રી ચિરાગકુમાર વિજયકુમાર મપારા — શ્રીમતિ શ્રુતિબેન ચિરાગકુમાર મપારા
ચિ. સવ્ય ચિરાગકુમાર મપારા
શ્રી અરુણકુમાર ચંદુલાલ પંચોલી — શ્રીમતિ ભુરીબેન અરૂણકુમાર પંચોલી
શ્રી સતિષચંદ્ર નટવરલાલ પંચોલી — શ્રીમતિ જ્યોત્સનાબેન સતિષચંદ્ર પંચોલી
શ્રી ઈન્દ્રવદનભાઈ રમણભાઈ પંચોલી — શ્રીમતિ રમીલાબેન ઈન્દ્રવદનભાઈ પંચોલી

તારાપુર રોડ, હાઈસ્કૂલ સામે મુ.પો.તા. પાવી-જેતપુર જિ. છોટાઉદેપુર - ૩૯૧ ૧૬૦
ફોન : ૦૨૬૬૪-૨૪૨૮૪૮ મો. - ૯૪૨૭૫ ૩૮૬૩૫

# હૃદયાંજલી



**સ્વ. અમરતભાઈ ઘેલાભાઈ પંચોલી**
**જ.તા. : ૦૧.૦૬.૧૯૫૮ સ્વ. તા. ૧૨.૧૧.૨૦૧૫**

નાની શી જિંદગી હતી, પણ માયા મોટી લગાડી ગયા...
જીવન થોડું જીવી ગયા, યાદો મોટી મુકી ગયા...
સદાય હસતો ચહેરો તમારો, સૌને રડાવી ગયા...
તમારી અણધારી વિદાય, અમોને કદીય ભુલાશે નહી...
ચંદન સમુ જીવન જીવીને શીતળતા સહુને લઈ ગયા...
જીવનભર પરિશ્રમ કરી, પરિવારોને સુખી અને સમૃદ્ધ બનાવી ગયા...
પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતી આપે
એજ હૃદયાંજલી

## અર્પણકર્તા

ગં.સ્વ. માલતીબેન અમરતભાઈ પંચોલી
મોલીના વિનય પંચોલી — વિનય અમરતલાલ પંચોલી
અમિષા મેહુલકુમાર પંચોલી — મેહુલકુમાર રમેશચંદ્ર પંચોલી
અલૌકી હેમંતકુમાર પંચોલી — હેમંતકુમાર નરેન્દ્રભાઈ પંચોલી
હેનીશા યશ યેશા રાજવી
વ્યારા

# અમારા જીવનબાગમાં ખીલ્યુ એક પુષ્પ



ચિ. કહાન

તા. ૨૮.૧૧.૨૦૧૫ શનિવારે, અમારા
લાડકા પુત્ર ચિ. મનન અને પુત્રવધુ ચિ. પલકને ત્યાં પુત્રરત્ન
**ચિ. કહાન**
ના આગમનથી અમારો જીવનબાગ આનંદથી પ્રફુલ્લિત બની
મહેંકી-મહોરી ઉઠ્યો. અમને મળી એક સુંદર ગોડ ગીફ્ટ...
એક છોટાસા.... પ્યારા સા... નન્હાસા... પૌત્ર..
અમારા કુટુંબમાં સ્વાગતમ.....

શ્રી નિતિનભાઈ બી. રામી
સુશ્રી દક્ષાબેન એન. રામી
ચિ. તનય એન. રામી

શ્રી જય પંચોલી
સુશ્રી પ્રેમીલા જે. પંચોલી
શ્રી નિરજ જે. પંચોલી
સુશ્રી રૂપલ એન. પંચોલી
ચિ. નિસર્ગ એન. પંચોલી

જય કોમ્યુનિકેશન ડિજીટલ ગ્રાફિક ડિઝાઈન યુનિટ
'નીરજ' ૫, હેમધ્રુવ સોસાયટી, કાલુપુર બેંક સામે, વાસણા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૭.
ફોન : ૦૭૯ - ૨૬૬૧૪૬૭૮ મોબાઈલ : ૯૮૨૪૦ ૯૩૩૪૭



મયૂર - વિણા

## લગ્ન જીવનની કેડીએ.......

ફુલોની **ફોરમ** મહેંકતી રહે...
**વીણા**ના સૂરો રેલાતા રહે....
મન **મયૂર** થનગનાટ કરતો રહે....
**દેવાંગ**નાઓ અને પરમકૃપાળુ
**જગદીશ**ની આશિષ વરસતી રહે..
જીવન **મધુ**મય બની રહે.....
**ભાગ્ય** ઉજ્જવળ બનતુ રહે....એજ
શુભાશિષ સહ હાર્દિક શુભેચ્છાઓ....

**શુભેચ્છક**
શ્રી જગદીશકુમાર ગોવિંદદાસ મિસ્ત્રી
શ્રીમતિ મધુબેન જગદીશકુમાર મિસ્ત્રી
શ્રીમતિ ફોરમ દેવાંગકુમાર ગાંધી
શ્રી દેવાંગકુમાર કિરીટભાઈ ગાંધી
ચિ. ભાગ્ય દેવાંગકુમાર ગાંધી

302, C-5, Sector - 6, Nayandeep Buildg.
Nr. Guru Dwara, Santi Nagar,
Mira Road (E) Thane 401 107
Mo. 09892078741

shaadi.com



નામ : **ગૌતમ**
જન્મ તા. : ૦૪.૧૦.૧૯૮૭
સમય : સવારે ૯.૧૫ કલાકે
ઉમર અને ઉંચાઈ : ૨૯ વર્ષ, ૫' ૫'' બ્લડ ગ્રુપ :O+ve
અભ્યાસ : SSC, ITI (Electrical)
ધંધો : ઈલેક્ટ્રીશ્યન હોબીઝ : મ્યુઝીક, મુવી, ક્રિકેટ
ઈમેલ : gautampancholi786@gmail.com
મો. : ૯૯૧૩૧ ૯૧૪૫૧/૭૦૪૬૮ ૨૦૬૫૫
પિતાઃ વિનોદચંદ્ર કાંતિલાલ પંચોલી
મો. ૯૨૭૪૩ ૨૧૭૧૨/૯૯૯૮૧ ૯૭૦૨૫
માતા : તરૂલતાબેન ભાઈ દિપક-મોહીની અને ચિ. ખુશી
બહેન : રીચા પંચોલી
એડ્રેસ : સી-૧/૧૬, S,M,C, બિલ્ડીંગ, મંગલનિધિ એપાર્ટ.ની ગલીમાં, સીટીઝન સ્કૂલની બાજુમાં, L.P. સવાણી રોડ, અડાજણ સુરત

## ૧૫મી પૂણ્યતિથિએ હાર્દિક શ્રદ્ધાંજલી



**સ્વ. શાંતિલાલ ગુલાબદાસ મિસ્ત્રી**
**સ્વર્ગવાસ : ૨૫.૧૨.૨૦૦૦**

**અર્પણકર્તા**
હેમલ શાંતિલાલ મિસ્ત્રી મો. ૯૬૮૭૦ ૭૫૪૩૮
સાધના હેમલ મિસ્ત્રી મો. ૭૪૦૫૦ ૩૨૯૨૪
૩૫, ગુ.હા.બૉર્ડ, હસ્તી તળાવ, અંકલેશ્વર

## Happy 1st Birthday
## to our lovely boy Dear Pranit



*Pranit - Birth dt. 13.1.2015*

*Best wishes from :*
*Himansu Jagdishbhai Pancholi-Papa*
*Shital Himansu Pancholi-Mummy*
*Jagdishbhai M. Pancholi-Dada*
*Indiraben J. Pancholi-Dadi*
22, Jamanapark Society, Nr. Bhakt Vadi, Dabhoi Road,
At.Po. Bodeli 391 135 Ta. Bodeli, Dist. : Chhota Udepur

## ક્ષતિદોષ....દિપોત્સવી અંક

પેજ નં. ૨૩૭




**શ્રી સુરત પંચોલી જ્ઞાતિ સમસ્ત પંચ**
પ્રમુખ
મુકેશભાઇ કે. પંચોલી
મો. ૯૮૨૫૪ ૮૧૩૭૩
એ-૫૦૧, શાલીગ્રામ ફ્લેટસ, TGB પાસે,
એલ.પી.સવાની રોડ, અડાજણ, સુરત
ફોન : ૦૨૬૧ - ૨૭૩૭૩૭૩

પેજ નં. ૮૦

**LOVELY BAGS**
*Alpesh C. Mistry*
Shop : Opp. Ashok Hospital,
Gauharbaug, Bilimora (E) 396 321
Mo. :. 9727914134

**એકમ/મહિલા મંડળના સરનામા ન આવવાથી જુના વર્ષના છાપ્યા છે...**



Panth

Birth Date : 16.12.2014

# Happy 1st Birthday

On : 16.12.2015

## Dear Panth

God bless you.
Wish you have a
long and joyful
life ahead with love......

From

**Yogesh B. Mistry - Nana**
**Nita Y. Mistry - Nani**
**Surat**

**Urvashi A. Pancholi- Dadi**
**Ankit A. Pancholi-Daddy**
**Priya A. Pancholi-Mummy**
**Dhruti A. Pancholi-Foi**
**Vyara**

shaadi.com



| | | |
|---|---|---|
| Name | : | **Divya** |
| Birth Dt. & Time | : | 27 Sept.1988, 2.32 am |
| Weight & Height | : | 58 kg. & 5'3" |
| Qualification | : | G.N.M., P.B.B.S.C.(Nursing)<br>M.Sc.(Psychiatric Nursing) Completed |
| Occupation | : | Working as a Lecturer in Kamdar<br>Collage of Nursing (Rajkot) |
| Langue Known | : | Engilish, Gujarati, Hindi |
| Hobbies | : | Listen Music, Reading, Novels, Travelling |
| Personalaty | : | Extroverted |
| Native & B.Place | : | Vadodara |
| Address | : | C/80, Indraprasth Soc., Kamala Nagar,<br>Ajwa Road, Vadodra. |

**Family Background**

| | | |
|---|---|---|
| Father | : | **Bhupendrakumar Ramanlal Pancholi** |
| Occupation | : | HR Manager at Siemens Ltd.<br>M0. : 9825807057 |
| Mother | : | **Pragnaben** (House Wife) |
| Sister | : | Khushbu (Married) |
| Contect No. | : | 9913621784 |
| Email | : | divyapancholi2709@gmail.com |

# વહાલું કોણ ?

પલ્લવીબેન જે. મિસ્ત્રી
અમદાવાદ

મુન્નુ બેટા, તને કોણ ગમે, મમ્મી કે પપ્પા ?

મને તો માલી પુછી કેત ગમે (મને તો મારી પુશી કેટ ગમે)

બહુ જ નાના બાળકો (જેમના મા હજી પોલિટીકસ નથી જાગ્યુ) ને તમે ઉપર મુજબનો સવાલ પુછો તો તમને આવો જવાબ મળે. પછી તો જેમ જેમ બાળક મોટું થતુ જાય અને દુનિયાના વ્યવહારો (કાવાદાવા) શીખતું જાય એમ એમ એના જવાબો બદલાતા જાય. મમ્મી પાસે કોઈ કામ કઢાવવાનું હોય, ત્યારે એનો જવાબ મમ્મી ગમે' એવો આવે, અને પપ્પા પાસે પોકેટ મની લેવાના હોય ત્યારે પપ્પા ગમે' એવો આવે. બાળક કિશોર બને ત્યારે એ જ સવાલનો જવાબ એ આયનામાં જોઈને આપે. 'મને તો હું જ બહુ ગમું' અને એજ કિશોર યુવાન થાય ત્યારે એ સવાલનો જવાબ 'શેફાલી યા મોના કે કંગના ગમે' એવો આપે.

જો કોઇ વ્યકિત તમને અચાનક સવાલ પુછે કે 'તમારા શરીરનું સૌથી વહાલુ સૌથી વહાલું અંગ કર્યુ ? તો તમે પણ બે ઘડીમાં વિચારમાં પડી જાઓ કે નહીં ? આ 'બે ઘડી' લંબાઇને પછી બે મિનિટ, બે કલાક, બે અઠવાડિયા કે પછી બે મહિના પણ હોઇ શકે.

તમારા અણુએ અણું માં વહાલુ કોણ ? નો પ્રશ્ન ગુંજી ઉઠે અને તમે એનો ઉત્તર શોધવા માટે દિવસ રાતની પરવા કર્યા વિના મંડી પડો જવાબ શોધવા માટે અને ખાવા પીવાની એ પરવા ન કરો. તમારા મિત્ર મંડળ, સગા વહાલાઓને પણ નેવે મુકીને તમે બસ આ કામમાં જ લાગી પડો. આ પ્રશ્ન તમારા માટે પ્રાણ પ્રશ્ન બની જાય.

પરંતુ આ સવાલ 'વ્હાલું કોણ ?' એ કાંઇ આટલો બધો સમય(વિચારવા માટેનો) લે એવો મને લાગતો નથી. શું કહ્યું તમે ? આમેય વિચારવાનું કામ સ્ત્રીઓની પ્રકૃતિ સાથે સુસંગત નથી ? ના ના તમે આમ સાવ ઉતાવળે સ્ત્રીઓ માટે કોઇ પણ નિર્ણય બાંધવાને બદલે આગળ વાંચો.

મને જો કોઇ પૂછે કે 'તમારા શરીરનું સૌથી વહાલું અંગ કયું?' તો હું ફટ દઇને જવાબ આપું 'હાથ' હા મારા શરીરનું સૌથી વહાલું અંગ હાથ છે. હવે તમને સવાલ થશે કે - હાથ તે વળી શરીરનું વહાલું અંગ શી રીતે હોઇ શકે ? અરે ! શી રીતે હોઇ શકે શું, છે જ. અને એ સૌથી વહાલું અંગ છે, તેના ઠોસ કારણો મારી પાસે છે, એ કારણો તમને કહું પછી તો તમે મારી વાત માનશો ને ?

જુઓ પ્રથમ કારણ તો એ છે કે જો મારા બે હાથ ન હોત તો હું તમને એટલે કે વાચકોને લખીને જણાવત શી રીતે કે મારા શરીરનું સૌથી વહાલું અંગ કયું છે ? બીજુ મહત્વનું કારણ તો એ છે કે મારા હાથો એ જ મને દરેક કામો (કરવા જેવા કે ન કરવા જેવા)માં હંમેશા સાથ આપ્યો છે. અરે ! એમણે તો અનેક વાર કાળા કામો (જેવા કે વાળને હેર ડાઇ કરવી) વગેરે પણ મારા બે હાથોએ જ તો વગર આનાકાનીએ કુરૂપતાની પરવા કર્યા વિના કાર્યો કર્યા છે. મારા આ હાથ મને સૌથી વહાલા તો ત્યારે લાગ્યા છે કે જ્યારે કોઇએ મને મારવાનો પ્રયત્ન કર્યો હોય, ત્યારે એમણે મને સ્વજોખમ(ફ્રેકચર થવાની પણ પરવા કર્યા વિના) બચાવી છે, અને જરૂર પડી ત્યાં વળતો હુમલો પણ કર્યો છે. અરે ! કોઈવાર તો મને સકારણ કે અકારણ મારવાનું મન થયું હોય, છોકરાઓને અને તે ય ખાસ કરીનેમારાં) ત્યારે મારા હાથોએ જ મને સારા - નરસા નો ભેદભાવ રાખ્યા વિના સાથ આપ્યો છે. એટલે શરીરના સૌથી વહાલા અંગ તરીકે મારા બે હાથ જ સ્થાન પામી શકે એ નિર્વિવાદ છે.

આ આટલું લખાણ મે લખ્યું ત્યાં તો મારી બોલપેનની રીફીલ ખલાસ થઇ ગઇ. બીજી ત્રણ-ચાર બોલપેન, જે ઘરના ખૂણે ખાચરે પડી હતી તે મે ટ્રાય કરી જોઇ. પણ એ બધી જ અસહકારના આંદોલન પર ઉતરી હોય એમ લાગ્યું. એટલે ના છૂટકે બોલપેનની રીફીલ લેવા ચાર રસ્તે જવાનું નકકી કર્યુ. હું જવા માટે ઉભી થઇ ત્યારે મારી નજર મારા પગ પર પડી.

નજર પગ પર પડતાં જ મને વિચાર આવ્યો કે 'પગ વગર તો કયાંય જવુ શકય નથી. સ્કુટરને કીક મારવામાં પણ મારા પગે જ મને મદદ કરી. પેટ્રોલ ન હોવાથી સ્કુટરે ચાલુ થવામાં લાચારી દર્શાવી. ત્યારે મેં કાર કાઢી. અને મારા બે પગોએ જે રીતે સિફતથી કલચ, બ્રેક અને એકસીલેટરનું સંચાલન કરી બતાવ્યું તે જોઇને મને લાગ્યું કે શરીરના સૌથી વહાલા અંગ તરીકે હું મારા પગને ગણાવું તો પણ કંઇ ખોટુ નથી જ.

'ફટી એડિયા' વિનાના મારા સુંદર પગો પૂર્વજોએ અકારણ જ પોતાના પગ ઉપર ઉભા રહેવાની વાતો તો નહી જ કરી હોય ને ? પેલા રૂપાળાં શીંગડાની વાતોમાં સાબરને એના પગ જ તો શિકારીથી બચાવે છે ને ? પગની મદદથી જ આપણે કેટલીએ લડાઇઓ(લાતમલાતી કરી) જીતી શકયા છીએ. એટલે પણ એ મારા શરીરનું સૌથી વહાલું અંગ છે. એ વાત તો 'પથ્થર પર ખીંચી લકીર' જેવી મજબૂત છે.

થોભો મહેરાબાન તમે થોભો ! મારા શરીરનું સૌથી વહાલું અંગ કયુ, હાથ કે પગ ? એ નકકી કોણે કર્યુ ? મારી આ સુંદર, નિર્દોષ અને નિર્મળ આંખોએ જ ને ? આ આંખોએ જ ને ? આ આંખો છે તોમારી દુનિયા ઉજાસમય અને રંગબેરંગી છે, અને આંખો વિના ? કાળું કાળું અંધારું ઘોર !' યે આંખે મેરે દિલકી જુબાંન હૈ', મેરી આંખો કે સિવા દુનિયામેં રખ્ખા કયા હૈ ? તો પછી શરીરના વહાલા અંગ તરીકે આંખો ફાઇનલ ? લોક કર દીયા જાય ? હાં હાં લોક કર દિયા જાય.

એટલામાંજ ડોરબેલ વાગી, કુરીયર વાળો આવ્યો, કોઇકનો લેટર લાવ્યો. વાંચવાનો પ્રયત્ન કરું છું પણ ઝીણા અક્ષરોને લીધે સ્પષ્ટ વંચાતુ નથી. અક્ષરો છે કે રેતીના કણ ? કે પછી કીડીનું ઘણ ? ચશ્મા કયાં ? એના વિના લેટર વાંચવો અસંભવ ! અરે ! મારા

મનમાં આ વિચારનો ચમકારો કેવો ? હે ? હે ? નહીં હા 'જો મારા કાન ન હોત તો હું ચશ્માની દાંડીઓ ક્યાં ટેકવત ? ચશ્મા વગર વાંચન નહીં અને વાંચન વગરનો મારો દિવસ ? અકલ્પ્ય ? વીહીન ! કાન છે તો હું વાંચી શકું છું. સાંભળી શકું છું. એટલે જ નહીં પરંતુ સાચા હીરાના બુટીયા પહેરીને વધુ સુંદર દેખાઈ શકુ છું. તો પછી ? શરીરના સૌથી વહાલાં અંગ તરીકે આ બે કાનના નામ પાકું ને ?

આ વટ બટ મારવાની વાત બધી ખોટીછે. અરે ! આ કોણ બોલી રહ્યું છે ? મારું દિલ ? અરે એચ દીલ, ચુપ, યુ શટ અપ ! તારી સુંદરતા જોવા કોણ નવરું છે ? આજના કઠોર યુગમાં તુ તારી નાજુકાઇના લીધે ટકી શકે એમ નથી. તું તો વાત વાતમાં તૂટે છે. સોરી ! તું લાખ સુંદર ભલે રહ્યું પણ મારા શરીરના સૌથી વહાલા(સુંદર) અંગ તરીકે તને હું ધારું છું તો પણ ગણાવી શકું એમ નથી. સોરી તો પછી ફાયનલી શરીરનું સૌથી વહાલું અંગ કયું ?

અહીં દલપતરામ કવિની પંકિત જોઇએ તો....

ઉંટ કે આ સમામાં વાકાં અંગવાળા ભુંડા,
ભૂતળમાં પશુઓ અને પક્ષીઓ અપાર છે.
બગલાની તો ડોક વાંકી, પોપટની છે ચાંચ વાંકી,
ભેંસના છે શીંગ વાંકા, કૂતરાની છે પૂંછડી વાંકી,
વાઘના છે નખ વાંકા....
સાંભળી શીયાળ બોલ્યું દાખે દલપતરામ,
અન્યનું તો એક વાંકુ, આપના અઢાર છે..

હું પણ એજ કહું છું 'અન્યને ભલે એમનાં શરીરના એક એક અંગ વહાલા હોય, મને તો મારા શરીના એકેએક (બધા જ અંગ) અંગો વહાલાં છે.......

# આંતરજ્ઞાતિય લગ્ન....

હેમંતભાઇ સી. મિસ્ત્રી
સુરત

નવયુગ ઓકટોબરના અંકમાં ડો. મહેશભાઇ મિસ્ત્રીનો હાલના પ્રવર્તમાન હાલાતને ધ્યાને લેતાં જરૂરી એવા અંતરજ્ઞાતિય લગ્ન વિશે લેખ વાંચ્યો, લેખમાં લઘુમતી કોમ અને ગોળાવાળા સાથે ભાગી જઈ માતા-પિતાના માન, મરતબા અને વ્યથા સર્વથા યોગ્ય છે. મને આમાં એક પોઝેટીવ પોઇંટ દેખાય કે લઘુમતી કોમ, ખ્રીસ્તી કે ગોળાવાળા એટલે કે ખૂબ જ અનસ્ટેબલ પાત્રો અમાન્ય, મંજુર છે એ સિવાયના સારા પાત્રોનું શું ? શું આપણે તેઓને સ્વીકારીએ છીએ...

દીકરીઓ જ કેમ ? દિકરાઓએ પણ આ બાબતમાં ધ્યાન રાખવું રહ્યું. કન્યાની પસંદગી કરતી વેળા મા-બાપની અનુકુળતા પણ ધ્યાને લો, કારણ કે જે બહારથી કન્યા આવે છે તેની સાથે માતા-પિતાએ જીંદગી સુધી સાથે રહેવાનું છે. માટે માતા-પિતા ભવિષ્યમાં દુઃખી ન થાય તેનું ધ્યાન રાખવું રહ્યું. બધી જવાબદારી દીકરોઓની જ ? દીકરીએ તો ખાસ ધ્યાનમાં રાખવા જેવું છે, કારણ કે દીકરી તો પરણીને જતી રહેશે પણ આવનારી વહુ સાથે કાયમ રહેવું પડે અને પાત્ર યોગ્ય ન હોય તો જીંદગીભર માતા-પિતા દુખી થાય..

આપણે ભુલી જઇએ છીએ કે આપણો સમાજ આમ પણ નાનો છે. તેમાં ભણેલા છોકરા કેટલા ? અને તેમાં પણ સારા પાત્રો અન્ય જ્ઞાતિની કન્યા સાથે લગ્ન કરે, સારા ઘરના ભણેલા પૈકી મોટા ભાગનાએ અન્ય જ્ઞાતિની યુવતી સાથે લગ્ન કર્યા છે. એક નજર નાખી જવા સૌને વિનંતી.. મારો આમા કોઇ જ વિરોધ નથી, કારણ કે એ દિકરાની જીંદગી અને પસંદગી છે. પરંતું એ જ કાર્ય દીકરી કરે ત્યારે અલગ માપદંડ કેમ ? આની સામે મને અંગત સખત વિરોધ છે, કાયદો બધા માટે એક જ હોવો જોઇએ...

હું અંગત મહેશભાઇની વાત સાથે ૧૦૦ % સંમત છું કે માતા-પિતા તમારા લગ્નની વાત કરે ત્યારે તમો કોઇપણ રીલેશન ધરાવતા હોય તો ખૂલ્લા દિલે વાત કરો પરંતુ તમારા દીકરીઓ, દિકરાઓ તમને ખુલ્લા દિલે વાતો કરી શકે એવું વાતાવરણ બનાવવાની જવાબદારી માતા-પિતાની છે, ઘરમાં હિટલર શાહી ચાલતી હોય તો બાળકો પાસે અપેક્ષા અસ્થાને છે..

લગ્ન એ વ્યકિતનો કે એક કુટુંબ પ્રશ્ન છે, પોતાની દીકરી કે દિકરા માટે કયુ પાત્ર યોગ્ય છે એનો નિર્ણય તેઓને જ કરવા દઇએ તો ? દીકરીઓને જ નહીં પણ દિકરાઓને ખાસ સલાહ આપવા અને અપાવવા માંગુ છું કે પહેલાં સમાજમાંથી પાત્ર તો શોધો, અને નહીં મળે તો અન્ય જ્ઞાતિમાં જાઓ...

દીકરી અન્ય જ્ઞાતિમાં લગન કરે તેમાં સૌ કુટુંબીજનોની સંમતી હોય તો સમાજને વાંધો હોવો જોઇએ કે કેમ ? મારા પોતાના ધ્યાન પર અનેક કિસ્સા છે જેમાં અન્ય જ્ઞાતિમાં લગ્ન કરેલ દીકરી અત્યંત સુખી છે અને જમાઇઓ પણ દિકરાઓ કરતા વધુ સારી રીતે રહે છે... સિકકાની બીજી બાજુ પણ હોય શકે, બલ્કે હોય જ છે... એક નજર એના પર નાંખી પરિસ્થિતિ મુલવીએ..

હા આપણે એટલે કે સમાજ દરેક દીકરીની જવાબદારી લેતા હોઇએ અને યોગ્ય પાત્ર શોધી આપી શકતા હોઇએ તો જ આપણને હક્ક હોય શકે અન્ય જ્ઞાતિમાં લગ્ન કરનારને રોકવાનો બાકી દીકરીઓ માત્રનો અપોઝ કરવાના મુડમાં હું તો નથી જ...

આજે સુરત, મુંબઇ, બીલીમોરા, યુ.કે. જેવા અગ્રેસર એકમો સત્તાવાર રીતે અન્ય જ્ઞાતિમાં લગ્ન કરેલ દીકરીને અપનાવી ચૂકયા છે, અને મારી અંગત વાતો થયા મુજબ મોટાભાગના આ વાત સાથે સંમત પણ છે તો પ્રશ્ન કયાં નડે છે ? ? આ પ્રશ્ન જેને સીધો સ્પર્શે છે એવા યુવાનોનું હું કહેવું છે ? યુવાનોને સ્પર્શતા આ પ્રશ્ન માટે યુવાનો પોતાનો અવાજ બુલંદ કરે......

**શ્રી પંચોલી સેવા સમાજ, મુંબઈ દ્વારા આયોજીત**
**યુવા મંચ આવિષ્કાર ગૃપ અને ભગીની સમાજના સથવારે**

# દિપાવલી રસોત્સવ - ૨૦૧૫

તા. ૧૫.૧૧.૨૦૧૫ના રોજ 'શ્રી નવિનભાઈ ઠક્કર ઓડીટોરીયમ' પાર્લા ખાતે દિપાવલી રસોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. બપોરે ૩.૩૦ કલાકે સર્વે જ્ઞાતિજનોએ મળી એકબીજાને સાલમુબારકની શુભેચ્છાઓની આપ લે કરતાં ચા નો આસ્વાદ માણી પોતપોતાનું સ્થાન ગ્રહણ કર્યું.

આજના રંગારંગ કાર્યક્રમની શરૂઆત 'દીપ પ્રાગટ્ય' દ્વારા કરવામાં આવી. પ્રમુખશ્રી ડો. ભૂપેન્દ્રભાઈ પંચોલી, ભગીની સમાજના અધ્યક્ષા પ્રતિમાબેન ઉમેશચંદ્ર મિસ્ત્રી, આવિષ્કાર ગ્રુપના પ્રમુખ શ્રીમતિ ડિમ્પલ હિરલ મિસ્ત્રી, આજના સમારંભના અધ્યક્ષ શ્રી કેતન પ્રદિપભાઈ મિસ્ત્રી, ઉપપ્રમુખ શ્રી મુકેશભાઈ પરમાનંદભાઈ પંચોલી અને શ્રી મુકેશભાઈ ઝવેરીએ દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શુભ શરૂઆત કરી. આજના સમારંભનું સંચાલક કાર્ય મંત્રીશ્રી પરાગભાઈ એન. મિસ્ત્રી, પ્રવક્તા શ્રી કલ્પેશ ઉમેશચંદ્ર મિસ્ત્રી તેમજ આવિષ્કાર ગ્રુપના ઉપપ્રમુખ શ્રી વિશાલ કમલ કાપડિયાએ કર્યુ હતું.

કાર્યક્રમની શરૂઆત રાષ્ટ્રગીતનું ગાન કરી કરવામાં આવ્યું. ત્યારબાદ નીચે પ્રમાણેના કાર્યક્રમની રજુઆત સમાજના વિવિધ વયજૂથના સભ્યો તેમજ બાળકો દ્વારા કરવામાં આવી..

ગણેશ વંદના, ફેન્સી ડ્રેસ, તિતલી નૃત્ય, જિમ્નાસ્ટીક પરફોર્મન્સ(ફ્લોર) ટપોરી નૃત્ય, કન્ટેમ્પરરી ગર્લ્સ પરફોર્મનસ, જિમ્નાસ્ટીક રીધમેટીક પરફોર્મન્સ, વેસ્ટર્ન સીઝલીંગ ડાન્સ, ABCD-2, પરફોર્મન્સ, મ્યુઝીકલ જુગલબંધી, યુનિક બ્લાઈન્ડ ડાન્સ, શોર્ટ ફિલ્મ...

ઉપરોક્ત કાર્યક્રમમાં ભાગ લેનાર વિવિધ કલાકારોના નામો નીચે મુજબ છે....

| | |
|---|---|
| ચિ. હર્ષિતા હિરલ મિસ્ત્રી, | ચિ. રોહન રાકેશ મિસ્ત્રી |
| ચિ. રીયા કેતન મિસ્ત્રી | ચિ. દેવાંશી સંદીપ મિસ્ત્રી |
| ચિ. ઈશિકા રાહુલ મિસ્ત્રી | ચિ. ભાગ્ય દેવાંગ ગાંધી |
| ચિ. કસક રાકેશ મિસ્ત્રી | ચિ. લવિના પરાગ મિસ્ત્રી |
| કુ. કશ્વી રાહુલ મિસ્ત્રી | કુ. નિષ્ઠા નિલેશ પંચોલી |
| ચિ. વેદાંત નિલેશ પંચોલી | ચિ. ઉર્જા તેજલ મિસ્ત્રી |
| કુ. ચેષા સંજય મિસ્ત્રી | કુ. વૈશાખી કુમારેશ મિસ્ત્રી |
| કુ. રિદ્ધિ કમલેશ પંચોલી | કુ. પલક કલ્પેશ મિસ્ત્રી |
| શ્રીમતિ ફોરમ દેવાંગ ગાંધી | શ્રીમતિ ડિમ્પલ હિરલ મિસ્ત્રી |
| શ્રીમતિ પલ્લવી રાકેશ મિસ્ત્રી | શ્રીમતિ જાગૃતિ રાકેશ મિસ્ત્રી |
| શ્રીમતિ તેજલ કેતન મિસ્ત્રી | શ્રીમતિ લીના રાહુલ મિસ્ત્રી |
| શ્રી રાહુલ જીતેન્દ્ર મિસ્ત્રી | શ્રી નયન નવિનચંદ્ર મિસ્ત્રી |
| શ્રી કેતન પ્રદિપભાઈ મિસ્ત્રી | શ્રી યુવરાજ દિવ્યેશ મિસ્ત્રી |
| શ્રી વિશાલ કમલેશ કાપડિયા | |

કાર્યક્રમ બાદ ઉપસ્થિત મહાનુભાવો, અધ્યક્ષશ્રી, પ્રમુખ શ્રી અને અન્ય કારોબારી સભ્યોએ પોતાનું સ્થાન ગ્રહણ કર્યુ. પ્રમુખશ્રી ડો. ભૂપેન્દ્રભાઈ સી. પંચોલીએ ઉપસ્થિત અધ્યક્ષશ્રી કેતનભાઈનું અભિવાદન કર્યુ. ભગીની સમાજના પ્રમુખ શ્રીમતિ પ્રતિમાબેને અધ્યક્ષા શ્રીમતિ તેજલ કેતનભાઈ મિસ્ત્રીનું અભિવાદન કર્યુ. રજૂ થયેલ કાર્યક્રમ અને સર્વે જ્ઞાતિજનોને સંબોધન કર્યા બાદ પ્રમુખશ્રી ડો. ભૂપેન્દ્રભાઈએ અધ્યક્ષશ્રી કેતનભાઈને તેમનું વ્યકતવ્ય કરવા વિનંતી કરી. અધ્યક્ષશ્રી કેતનભાઈએ સમાજના યુવાધનને સુંદર સંદેશ પાઠવ્યો.

ઈનામ વિતરણ કરવામાં આવ્યું

| ધોરણ | વિદ્યાર્થી/વિદ્યાર્થીની | ટકાવારી |
|---|---|---|
| ૧ | કુ. ઈશિકા રાહુલ મિસ્ત્રી | ૯૩ % |
| ૨ | કુ. કસક રાકેશ મિસ્ત્રી | ૯૯ % |
| ૩ | ચિ. જશ ફાગુન પંચોલી | ૯૯ % |
| ૪ | ચિ. હેમ કૌશલ મિસ્ત્રી | ૯૯ % |
| ૫ | ચિ. સુજલ યતીન મિસ્ત્રી | ૮૨.૩૭ % |
| ૬ | કુ. ઈશા પ્રકાશ મિસ્ત્રી | ૭૫.૫૫ % |
| ૭ | દર્શિલ નિલેશ મિસ્ત્રી | ૮૫.૩૩ % |
| ૮ | ચિ. જીત નૈનેષ મિસ્ત્રી | ૮૧.૯૦ % |
| ૯ | કુ. વિધિ ફાગુન પંચોલી | ૮૯.૪૨ % |
| ૧૦ | પ્રથમ-કુ. મનસ્વી પ્રણય કાપડિયા | ૯૬.૬૭ % |
| | દ્વિતીય-કુ. યુકતા યતીન પંચોલી | ૯૧.૬૦ % |
| ૧૧ | કુ. માનસી સંદીપભાઈ પેન્ટર | ૬૪.૯૨ % |
| B.Com. | કુ. વિજલ સુભાષ પંચોલી | |
| | ચિ. ચિત્રાંગ મયંક મિસ્ત્રી | |
| | કુ. ટવીંકલ અતુલ પંચોલી | |
| P.G.D.BM | કુ. વૈશાખી કુમારેશ મિસ્ત્રી | |
| P.G.D.HRM | કુ. ચેષા સંજય મિસ્ત્રી | |

ત્યારબાદ ફેન્સી ડ્રેસ સ્પર્ધાના ઈનામો જાહેર કરવામાં આવ્યા. પ્રથમ-કુ. ઈશિકા રાહુલ મિસ્ત્રી-મીરારોડ (રાધેમાં)
દ્વિતિય-કુ. દેવાંશી સંદીપ મિસ્ત્રી-અંધેરી (મચ્છર)
તૃતીય કુ. હર્ષિતા હિરલ મિસ્ત્રી-અંધેરી (બલ્બ)

દિપોત્સવી કાર્યક્રમમાં ભાગ લેનાર સર્વે સભ્યોને ઈનામ વિતરણ ઉપસ્થિત મહાનુભાવોના વરદ હસ્તે કરવામાં આવ્યું આજના પ્રસંગે પંચોલી સેવા સમાજ-મુંબઈને નીચે મુજબની ભેટ પ્રાપ્ત થઈ.

| | |
|---|---|
| ૭,૭૭૭ | કેતન પ્રદીપ પંચોલી-અધ્યક્ષ પદે |
| ૨૦૦૦ | ચિત્રાંગ મયંક મિસ્ત્રી-ગોરેગાંવ |
| ૨૫૦૦ | નારી રત્ન હસુમતીબેન ડી. મિસ્ત્રી(૧૫૦૦+૧૦૦૦) |

| | |
|---|---|
| ૧૫૦૦ | પ્રકાશ એમ. પંચોલી |
| ૧૫૦૦ | તેજલ સી. પંચોલી |
| ૧૧૧૧ | જગદીશભાઇ ગોવિંદભાઇ મિસ્ત્રી |
| ૧૧૦૦ | કિરણબેન પી. મિસ્ત્રી |
| ૧૦૦૧ | સંજય જયંતીલાલ મિસ્ત્રી |
| ૧૦૦૧ | હિરલ નિલેશ પંચોલી |
| ૧૦૦૧ | કૌશિકભાઇ પી. પંચોલી |
| ૧૦૦૧ | જાગૃતી સી. મહેતા |
| ૧૦૦૦ | ડો. ભૂપેન્દ્રભાઇ સી. પંચોલી |
| ૧૦૦૦ | મુકેશભાઇ ઝવેરી |
| ૧૦૦૦ | ભાવિકભાઇ કાપડિયા |
| ૧૦૦૦ | કેતનાબેન પંચોલી |
| ૧૦૦૦ | કલ્પેશ શાંતિલાલ પંચોલી |
| ૧૦૦૦ | કાંતાબેન ગણપતભાઇ મિસ્ત્રી |
| ૧૦૦૦ | અપેક્ષા ફાગુન મિસ્ત્રી |
| ૫૦૦ | પ્રતિમા ઉમેશચંદ્ર મિસ્ત્રી |
| ૫૦૦ | કુંતલ પી. પંચોલી |
| ૫૦૦ | કમલ આઇ. પંચોલી |
| ૫૦૦ | ડિમ્પલ હિરલ મિસ્ત્રી |
| ૫૦૧ | કિશોર જે. મિસ્ત્રી |

દિપોત્સવી રસોત્સવ પ્રસંગ નિમિત્તે.. માતુશ્રી સ્વ. પન્નાબેન રમેશચંદ્ર મિસ્ત્રી અને પિતાશ્રી સ્વ. રમેશચંદ્ર દલપતરામ મિસ્ત્રીના સ્મરણાર્થે શ્રીમતિ લીના રાહુલ મિસ્ત્રી-મીરારોડ, શ્રીમતિ હેતલ ધવલ પંચોલી-વ્યારા તથા શ્રી નિલેશ રમેશચંદ્ર મિસ્ત્રી તરફથી શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇને રૂા. ૧,૦૧,૧૧૧નું માતબર દાન શૈક્ષણિક સહાય માટે આપ્યું છે.. જેના વ્યાજ માંથી શૈક્ષણિક સહાય કરવાની રહેશે...

દિપોત્સવી કાર્યક્રમ -૨૦૧૫-૧૬ના ફેન્સી ડ્રેસ કાર્યક્રમમાં ભાગ લેનાર સર્વે સભ્યોને રૂા. ૧૧૧/- નું રોકડ ઇનામ શ્રીમતિ દિવ્યાબેન જયંતિલાલ મિસ્ત્રી તથા શ્રીમતિ પ્રભાબેન રશ્મિનભાઇ મિસ્ત્રી તરફથી આપવામાં આવ્યા હતા.... આભાર..

અંતમાં સર્વે જ્ઞાતિજનોએ સરસ મઝાનું સ્વાદિષ્ટ ડિનર માણી હર્ષ અને ઉલ્લાસથી દિપોત્સવી રસોત્સવ - ૨૦૧૫-૧૬ના કાર્યક્રમની પ્રસંશા કરતાં વિદાય લીધી હતી...

## અમો આભારી છીએ..

કાર્યક્રમમાભાગ લઇ પોતાનો અમૂલ્ય સમય આપી સર્વેનું મનોરંજન કરવા માટે ભાગ લેનાર સર્વે સભ્યોનો...
સુંદર સંચાલન કરવા બદલ શ્રી કલ્પેશભાઇ, શ્રી પરાગભાઇ, શ્રી કુંતલભાઇ તથા મુકેશભાઇના...
બેક સ્ટેજનો કાર્યભાર સંભાળનાર શ્રીમતિ કેતનાબેન અને કમલેશભાઇ પંચોલીના...
ટિકીટ વિન્ડોના કાર્ય બદલ હર્ષ કાપડિયા, પ્રતિક પંચોલીના...
ભેટ આપનાર સર્વે દાતાઓના....
રાહુલભાઇ, ડિમ્પલબેન, વિશાલભાઇ અને ફોરમબેનના.....
શ્રી પંચોલી સેવા સમાજ-મુંબઇના કારોબારી સભ્યોના...
ફેન્સી ડ્રેસ સ્પર્ધાના નિર્ણાયક શ્રીઓના...
સુંદર ભોજન વ્યવસ્થા માટે મુકેશભાઇ ઝવેરી તેમજ મુકેશભાઇ પંચોલીના..
'નવીનભાઇ ઠક્કર ઓડિટોરીયમ' ના મેનેજમેન્ટ સ્ટાફનો..
હાજર રહી કાર્યક્રમને સફળ અને પ્રોત્સાહિત કરનાર જ્ઞાતિજનોના..


## આભાર    અનુકરણિય.......    આભાર





દિપોત્સવી રસોત્સવ પ્રસંગ નિમિત્તે.. **માતુશ્રી સ્વ. પન્નાબેન રમેશચંદ્ર મિસ્ત્રી અને પિતાશ્રી સ્વ. રમેશચંદ્ર દલપતરામ મિસ્ત્રીના સ્મરણાર્થે**
શ્રીમતિ લીના રાહુલ મિસ્ત્રી-મીરારોડ, શ્રીમતિ હેતલ ધવલ પંચોલી-વ્યારા તથા
શ્રી નિલેશ રમેશચંદ્ર મિસ્ત્રી તરફથી શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇને
રૂા. ૧,૦૧,૧૧૧નું માતબર દાન શૈક્ષણિક સહાય માટે આપ્યું છે..
જેના વ્યાજ માંથી શૈક્ષણિક સહાય કરવાની રહેશે...
ઉપરોકત અનુકરણિય દાન આપનાર શ્રીમતિ લીના રાહુલ મિસ્ત્રી, હેતલ ધવલ પંચોલી તથા નિલેશ રમેશચંદ્ર મિસ્ત્રીનો અંતઃકરણ પૂર્વક આભાર માનીએ છીએ...
આપના જીવનબાગમાં પરમાત્માની પ્રેરણાથી આવા સદ્કાર્યો આપના હસ્તે થતા રહે.. એજ અભિલાષા
**શ્રી પંચોલી સેવા સમાજ-મુંબઇ તથા કારોબારી સમિતિ-૨૦૧૫-૨૦૧૬**

## શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇ કન્યાદાન



મુંબઇ નિવાસી રાજેન્દ્રભાઇ રમેશભાઇ મિસ્ત્રીની સુપુત્રી બિનીતાના તા. ૬.૧૨.૨૦૧૫ના રોજ શુભ લગ્ન નિમિત્તે તથા બોરીવલી નિવાસી જીતેન્દ્રભાઇ ઉત્તમરામ મિસ્ત્રીની સુપુત્રી શ્રદ્ધાના તા. ૧૪.૧૨.૨૦૧૫ના રોજ શુભ લગ્ન નિમિત્તે બન્નેને રૂા. ૩૦૦૦/- કન્યાદાનમાં શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇ અને સ્વજનો તરફથી આપી લગ્નજીવનની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી છે....



# અભિનવ પૂર્તિ

ડો. મહેશભાઇ એમ. મિસ્ત્રી
અંકલેશ્વર -મો. ૯૮૨૫૨ ૮૨૭૮૯



## દિવાળી



આ ત્રણ અક્ષરનો શબ્દ દર વર્ષે આવે છે, અને જાય છે ફરી આવવા માટે આ શબ્દનો અર્થ સમયની સાથે અને મનુષ્યની ઉંમર સાથે બદલાતો રહે છે. નાનપણમાં દીવાળીની રાહ સૌ ચાતક નજરે જોતા. વેકેશન મળશે, ફટાકડા ફોડીશું, ઘરે નવી નવી વાનગી ખાઇશું, આંગણામાં ઉંબર પર સાથિયા પુરીશું. દીવા મુકીશું. રાત્રે દરેક ના ઘરે રંગોળી જોવા જઇશું. નવા વર્ષે દરેક ના ઘરે પગે લાગવા જઇશું.. ભેટમાં મળતા ૨૫ કે ૫૦ પૈસા પણ ખૂબ જ વ્હાલા લાગતા.

દિવાળીનો માહોલ તો દશેરાથી જ જાણે કે શરૂ થઇ જાય છે.. પણ દિવાળી તો વાઘ બારસથી જ શરૂ થઇ જતી. દિવાળીમાં મઠીયા, ઘૂઘરા, થાબડા, સુવાળી, ગોબાપુરી વિગેરેની મઝા હરતા ફરતા મળી જતી. ત્યારે આજુબાજુના પાડોશીને ત્યાં પણ મોકલવાનો વહેવાર હતો. અને એક બીજાની અને પાડોશીની વાનગીનો ટેસ્ટ કરવાની મઝા તો ખૂબ જ અનેરી હતી. પણ આપણને તો બાની બનાવેલી વાનગી જ ભાવતી.

દિવાળીના દિવસોમાં ફટાકડા, તારામંડળ, ભોંય ચકરડી, કોઠીમાંથી નીકળતા ફુવારા જોઇને આનંદથી મન નાચી ઉઠતું. હાથમાં તારામંડળ લઇ 'આજ દિવાળી, કાલ દિવાળી પરમ દહાડે 'દેવ દિવાળી' ગાવાનું તો ભુલાય જ ગયું..

તમોને દિવાળીના ગ્રીટીંગ્સ કાર્ડ યાદ છે. બોર્ડ પર મુકેલા દેવી દેવતાઓના, કુદરતી દ્રશ્યોના, નેતાઓના, ફિલ્મી હિરોના કાર્ડ સીલેકટ કરવામાં કલાકો પસાર થઇ જતાં. થોડું ડ્રોઇંગ આવડતા જાતે પોષ્ટકાર્ડ પર સ્કેચ પેનથી લખીને ડિઝાઇન પાડીને કાર્ડ બનાવવાની મઝા અનેરી હતી.

દરરોજ ટપાલી આવે એટલે દિવાળી કાર્ડની રાહ જોવાતી, આજે કોના કોના કાર્ડ આવ્યા? કોના હજુ બાકી છે. એની પણ ગણત્રી થતી. બેસતા વર્ષને દિવસે ૪ વાગે ઉઠીને 'નવા વર્ષનું શુકન' લેવાનું કેમ ભુલાય ?



એક વો ભી દિવાળી...થી, એક યે ભી દિવાળી....હૈ. આજની દિવાળી આપણે જોઇ જ રહ્યા છીએ...સાલ મુબારકના બદલે "Happy New Year" કાર્ડના બદલે ૩ થી ૪ વર્ષ પહેલા SMS અને આજે What's up નું સામ્રાજ્ય ચાલે છે. Massage માં શું લખ્યુ છે તે પણ વાંચવાનો સમય નથી. કોના કોના મેસેજ આવ્યા છે જોઇને ડીલીટ કરતા જાઓ..

ફટાકડામાં પણ તારામંડળ, ચકરડી, કોઠી, હવાઇ, નાગ/સાપ બોપોરીયા ને બદલે સુતળીબોંબ અને એક હજાર કે પાંચ હજાર ફટાકડાની લૂમ..નું ચલણ વધી ગયું..

નોકરી કરતાં Executive અને મોટા બીઝનેસમેન માટે દિવાળી એટલે હીલ સ્ટેશન, કેરાલા, આબુ, સીમલા, કુલુ-મનાલી જવાની ફેશન અને એક કે બે મહિના પહેલા બુકીંગ ચાલુ થઇ જાય..

પહેલા પ્રવાસને બદલે અંબાજી, ડાકોર, તીરૂપતી, રામેશ્વરમ અને હરીદ્વાર જાત્રાએ જવાનો મહિમા હતો. અને અગામી વર્ષોમાં મલેશીયા, બેંગકોક, સીંગાપોર કે અંદામાન -નિકોબાર અને ક્રુઝનો મહિમા વધી રહ્યો છે.

આજકાલ તહેવાર એટલે નર્યો ઘોંઘાટ, નર્યો ક્રિયાકાંડ, કરવા ખાતર બધુ કરવાનું, કોઇ જીવ નહીં, અંતરમાં આનંદ નથી અનુભવાતો.. આ પરંપરા છે એટલે નીભાવીએ છીએ અને જાળવી રાખો..

દિવાળીની ઉત્તમ ઉજવણી તો એક જ હોઇ શકે.. જ્યાં અંધારું છે ત્યાં અજવાળુ થઇ શકે.. જે ગરીબોને નવા વસ્ત્રો નથી મળતા જે ઘરોમાં મીઠાઇ બનાવવી પોસાતી નથી તેમને માટે કંઇક થોડું ઘણુ કરી શકીએ.. તો જ આપણા દિલમાં દિપાવલીની દીપમાળા પ્રગટશે....

જ્યોત સે જ્યોત જલાતે ચલો...પ્રેમ કી ગંગા બહાતે ચલો..

## હાર્ટ ફેઇલ્યોર

હાર્ટ ફેઇલ્યોર એક સ્થિતિ છે. જ્યારે હૃદય શરીરમાં લોહીનો પૂરતો પુરવઠો જાળવી ન શકે કે તેને લોહી ન મળે ત્યારે ઉદ્દભવે છે. 'હાર્ટ ફેઇલ્યોર' શબ્દ ગેરમાર્ગે દોરે એવો છે, કારણ કે હૃદય સંપૂર્ણપણે થંભી જતુ નથી કે નિષ્ક્રિય થઇ જતુ નથી. હાર્ટ ફેઇલ્યોર હળવું હોઇ શકે છે અને સામાન્ય ચિહ્નોનું કારણ હોઇ શકે છે, અથવા તે દ્રીવ કે જીવલેણ પણ હોઇ શકે છે. હાર્ટ ફેઇલ્યોરનું સૌથી સામાન્ય લક્ષણ શ્વાસ ચડવો, થાક અનુભવવો, પગમ સોજા ચડવા જેવા હોય છે.

હાર્ટ ફેઇલ્યોર ગંભિર સ્થિતિ હોવા છતાં સુરક્ષિત અને અસરકારક સારવાર ઉપલબ્ધ છે. સારવાર તમને વધુ સારું

અનુભવવા અને લાંબુ જીવવામાં મદદ કરે છે.

હાર્ટ ફેઈલ્યોરના કારણો : હૃદય ચાર ચેમ્બરનું બનેલું બે ઉપરની ચેમ્બર જમણું અને ડાબુ કર્ણક છે. બે નીચેની ચેમ્બર જમણું ક્ષેપક અને ડાબુ ક્ષેપક છે. ડાબુ કર્ણક મહત્વની ભૂમિકા ભજવે છે. કારણ કે તે સંપૂર્ણ શરીરનો પુરવઠો પૂરો પાડે છે.

હાર્ટ ફેઈલ્યોરના મુખ્ય બે પ્રકારો છે. (૧) સિસ્ટોલીક હાર્ટ ફેઈલ્યોર (૨) ડાયસ્ટોલિક હાર્ટ ફેઈલ્યોર

હાર્ટ ફેઈલ્યોરના કારણો : હાર્ટ ફેઈલ્યોર એ એવો રોગ કે સ્થિતિ છે, જે હૃદયને નુકશાન કરે છે. નસીબજોગે આ સ્થિતિઓની પ્રાથમિક તબકકા દરમિયાન સારવાર ઘણી વખત હાર્ટ ફેઈલ્યોર અટકાવી શકે કે તેને આગળ વધવાની ઝડપ ઓછી કરે છે. હાર્ટ ફેઈલ્યોરના સૌથી સામાન્ય કારણોમાં સામેલ છે. હાઈબ્લડ પ્રેશર(ઉંચો રકતચાપ)માં હૃદયને લોહીમાંથી લોહીને બહાર કરવા ઘણી મહેનત કરવી પડે છે. તેનાથી તેના પર ભારણ વધે છે, જેનાથી હૃદય પહોળુ થાય છે, જે બરાબર કામ કરતું નથી. હૃદયની ધમનીનો રોગ : હૃદયની ધમનીનો રોગ રકતવાહિનીઓ સાંકડી થવાથી થાય છે, જે હૃદયના સ્નાયુઓને લોહીનો પુરવઠો(પોષણ કે ખોરાક) પૂરો પાડે છે અને રકતવાહીનીઓ સાંકડી થવાથી તેની મારફતે લોહીનો પ્રવાહ ઘટી જાય છે. તેના પરિણામે હૃદયના સ્નાયુઓના ભાગને પૂરતો ઓકસિજન મળતો નથી.(ખાસ કરીને કસરત દરમ્યાન, દાદર ચડતી વખતે શરીરને વધારે લોહીના પુરવઠા અનજે ઓકિસજનની વધારે જરૂર હોય છે.) અને હૃદય તેની કામગીરી સારી રીતે કરી શકતું નથી.

હૃદયના વાલ્વનો રોગ : હૃદયરોગનો હુમલો અને વધતી ઉંમર સહિત અનેક સ્થિતિ સંજોગો હૃદયના વાલ્વને નુકસાન કરી શકે છે. વાલ્વ સંકોચાય શકે છે.(સ્ટેનોઝ), જે વાલ્વ અને હૃદયમાં વધતા દબાણ મારફતે રકત પ્રવાહમાં અવરોધ કરે છે. અન્ય કેસોમાં વાલ્વ લીક થઈ શકે છે.(અપર્યાપ્ત), જે રકતપ્રવાહને પાછો ફેંકવાનું કારણ બને છે. (જોરથી ફેકવો.)

કેટલાક વાલ્વ સાંકડા અને લીક થઈ શકે છે. કાર્ડિયોમાયોપેથી-કાર્ડિયોમાયોપેથીમાં હૃદયના સ્નાયુઓને નુકશાન થાય છે. જેના પગલે નબળું હૃદય પહોળું થાય છે.

હાર્ટ ફેઈલ્યોરના ચિહ્નો : હૃદય દ્વારા લોહીના બહાર નિકળવાના પ્રમાણ (કાર્ડિઆક ઉત્પાદન) ઘટે છે તેમ વિવિધ ચિહ્નો વિકસી શકે છે.

નબળાઈ, ચકકર કે તમ્મર. શ્વાસ ચડવો, જેને કારણે તમારે ઓછા સક્રિય થવાની જરૂર પડી શકે છે કે વધારે ઓશિકા સાથે સુવાની ફરજ પાડી શકે છે. હૃદયના ઝડપી ધબકારા, આરામ કરો ત્યારે પણ. પગના નીચેના ભાગ અને તળીયામાં કે પેટ કે ઉદરમાં સોજા ચડવા. ઝડપથી થાક અનુભવવો....

વધુ આવતા અંકે.........

## અભિનવ પૂર્તિ

અભિનવ પૂર્તિના દરેક લેખો મનનનિય અને વાંચવા યોગ્ય. અધૂરી વાર્તાનો આઈડીયા પણ ઘણો ગમ્યો. 'સમાજની દિકરીને વિનંતી' લેખ પણ ખૂબ ગમ્યો. રજુ થયેલ પ્રસંગો સુચક છે.. આપણા સમાજની દિકરીને પથદર્શક બની રહેશે.. અભિનવ પૂર્તિના લેખો નવયુગ વાંચવા મજબુર કરે એવા હોય છે....

રેખાબેન શૈલેષભાઈ મિસ્ત્રી-સુરત

'દિકરીને વિનંતી પત્ર હૃદયસ્પર્શી રહ્યો. લેખ વાંચી અશ્રુ રોકી ન શકયા. દિકરીના મનમાં ઉઠતા પ્રશ્નોને વાચા આપી.

તેજલબેન કલ્પેશ આરીવાલા

દિકરીને વિનંતી પત્ર હૃદય સ્પર્શી. જે વાતો માતા-પિતા દિકરીને ન કહી શકે તે બધી વાતો પત્ર દ્વારા કહી દેવાય, માતા-પિતાએ આ પત્ર દિકરીને ખાસ વંચાવવો..

નરેન્દ્રભાઈ મપારા - રાજપીપલા

દિકરીને વિનંતી પત્રની રજુઆત સુંદર... દરેક અનુભવાતા પાસાનો વ્યવસ્થિત ઉલ્લેખ, મારી પુત્રીને પણ લેખ ગમ્યો.. તેણે એની બહેનપણીઓને પણ આ લેખ વંચાવ્યો.

આનંદીબેન ભરતભાઈ પંચોલી-વ્યારા

અભિનવ પૂર્તિ નવયુગ વાંચવા મજબુર કરે છે... અને બદલતા સમય સાથે નવયુગમાં પણ નાવિન્ય જરૂરી છે... સુંદર અને જાણવા લાયક

શોભાબેન કિશોરભાઈ મિસ્ત્રી

અંતમાં સમાપન કરતા જણાવવાનું કે આપણાં સમાજના દરેક દિકરા હોય કે દીકરીઓ સૌ પોતાનો જીવનસાથી પસંદ કરવાને સ્વતંત્ર છે. સમાજના કોઈને એનો વિરોધ નથી. આવા પ્રસંગ બને ત્યારે સમાજમાં થોડો સમય ચર્ચા થાય છે.. માતા-પિતા તથા સંબંધીઓ થોડુ દુઃખ અનુભવે છે.. એટલે જ આ પ્ર દિકરી હોય કે દિકરી બન્ને માટે જ માર્ગદર્શક સમાજ છે.. પાત્ર પસંદગી વખતે એવા યોગ્ય પાત્રની પસૂંદગી કરવી અને માતા-પિતાને વિશ્વાસમાં લઈ તેમન તેમના હૃદયને દુઃખ ન પહોંચ એવું પગલું ભરવું. આ લેખ આપના ઉંમર લાયક પુત્ર-પુત્રીઓને ખાસ વંચાવશો....

પ્રો. મહેશ એમ. મિસ્ત્રી-અંકલેશ્વર

# હે સૂર્યદેવ-થેન્ક યુ વેરી મચ

આભાર સહ : ગુણવંત શાહ

ઉપનિષદમાં ઋષિએ સૂર્યને પૂષન્ કહ્યો છે. પૂષન્ એટલે પોષણકર્તા. મુંબઇમાં મરીન ડ્રાઇવની પાળ પર સંધ્યા ટાણે બેઠેલો માણસ આથમતા સૂર્ય ભણી પોતાની પીઠ રાખીને રસ્તા પર આવતા જતા વાહનોની ગતિ નિરખતો રહે છે. આથમતો સૂર્ય પોતાનું રહ્યું સહ્યું અજવાળુ ખંખેરીને દરિયામાં ડુબકી મારવાની તૈયારી કરતો હોય ત્યારે એના તરફ નજર માંડવાની ફુરસદ કોને હોય !

ખોરાક વિના થોડાક દિવસો સુધી જીવી શકાય. જો સૂર્ય એકા એક અલોપ થઇ જાય તો ? ! તો તો થોડીક સેકન્ડોમાં આપણે બધા ખલ્લાસ

હવે પૃથ્વી પર સૂર્યદેવની અસીમ કૃપાનું અવતરણ થવાનું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ફળદ્રુપ ભેજામાં એક આઇડિયા પેદા થયો. એ આઇલડિયા દુનિયાને બદલી નાંખવાની તાકાત ધરાવનારો છે. આવનારા વર્ષોમાં એ આઇડિયા ગરીબી દૂર કરવાની તાકાત ધરાવે છે. વિશ્વના ઘણાં દેશોના વડાઓ એને આવકાર્યો છે. આખરે એ આઇડિયા છે શું ????

પૃથ્વી પર કર્કવૃત અને મકરવૃત વચ્ચે આવેલા ૧૨૧દેશનું એક ખાસ જૂથ રચાય એવી મૌલિક વાત વડાપ્રધાન મોદીએ પેરીસમાં મળેલી કલાઇમેકસ ચેન્જ માટેની અતરરાષ્ટ્રીય પરિષદમાં મૂકી અને એનો જબરો આવકાર પ્રાપ્ત થયો છે. આ ૧૨૧ દેશોમાં સૂર્યદેવની ઉષ્મા ૩૦૦ થી વધારે દિવસો સુધી પ્રાપ્ત થતી હોય છે. આપણે વાતવાતમાં જેને તડકો કહીએ છીએ એ તડકો તો દિવ્ય ઉર્જાનો મહાપૂંજ છે. એ તડકો વ્યર્થ જાય છે, કારણ કે આપણી પાસે એ તડકાને વિદ્યુતશકિતમાં ફેરવી નાખવા માટેની ટેકનોલોજી હાથવગી નથી. જો અઢળક સૂર્યશકિતને ઇલેકટ્રીક સીટીમાં ફેરવી નાંખવાની ટેકનોલોજી કામે લાગે તો ૧૨૧ દેશોની ગરીબી ઉભી પૂંછડીએ ભાગી જાય ને પ્રદુષણ ઘટે તે નફામાં !

નરેન્દ્ર મોદીનો આ તુકકો તઘલખી નથી. આવનારાં વર્ષોમાં જે સૂર્યક્રાંતિ થવાની છે એની શરૂઆત આ મૌલિક તુકકાથી થવાની છે. અમાનાં ઘણાં ખરા દેશો એશીયાના છે. એ દેશોમાં ઉર્જાની ખોટ છે. હવે એ દેશો ગરીબ રહેશે ખરાં ? સૂર્યશકિત એમને ગરીબ ન રહેવા દે એ નકકી !

ઉત્તર ગુજરાતમાં પાટણ જિલ્લામાં સાંતલપુર તાલુકામાં પાકિસ્તાની સરહદ પાસે આવેલા રણમાં ચારણકા ગામે જાઓ તો એક વિરાટ સોલર પ્રોજેકટ જોવા મળશે. આ બાબતે ગુજરાત દુનિયાનું ગુરૂ થઇ શકે એમા છે. એ રેતાળ વિસ્તારમાં જમીનનાં ભાવ અનેકગણા થઇ ગયા કારણ કે ત્યાં સૂર્યશકિતના મોટા એકમ તૈયાર થયાં છે.

ભારત સરકારે આવતાં પાંચ વર્ષ માટે સૂર્યશકિત અંગે પ્રતિવર્ષે રૂા. ૪૦૦ કરોડની ફાળવણી કરી છે. સૂર્યશકિત વીજળીની માફક સંઘરી શકાતી નથી. કયારેક સોના કરતાં ઘડામણ મોંઘી પડે એવી પરિસ્થિતિ પણ સર્જાય છે. એ માટે સ્ટોરેજ ટેકનોલોજી વિકસી રહી છે, જેથી ઉર્જા સસ્તી થાય અને એ ઘણાં લોકો સુધી પહોંચે. હવે એ દિવસ બહુ દૂર નથી.

યાદ છે ? સૂર્યશકિતથી ચાલનારા એક વિમાને અમદાવાદના એરપોટ પર ઉતરાણ કર્યુ હતું. આજ અપના હો જા હો.... પર કલ હમારા હૈ....

## સમૂહલગ્ન

ખેદ સાથે જણાવવું પડે છે કે
સમૂહલગ્ન નિમિત્તે
લગ્નના જોડા ન મળતા
સમૂહ લગ્ન રદ કરવામાં આવ્યા છે
જેની જ્ઞાતિજનોને
નોંધ લેવા વિનંતી

**નવયુગ તંત્રીશ્રી**
**દિનેશભાઈનો ફોન નંબર**
**૯૮૨૪૧ ૭૧૯૩૦**

આપણી વેબસાઇટ પર
www.pancholi samaj.0rg
પર જઇ ઇ-નવયુગ પર કલીક કરો અને દરેક માસના નવયુગનું લીસ્ટ આવશે. જે માસનું નવયુગ જોવું હોય એ પર કલીક કરો અને દર મહિને નિહાળો.....
**પંચોલી નવયુગ**
કલરફુલ અંદાઝમા

## શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ વેબ સાઈટ
www.pancholisamaj.org

# : અપીલ :

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ એટલે સમગ્ર પંચોલી સમાજને એક સુત્રે બાંધી એક બીજાને વધુ નજદીક લાવતી એક માત્ર સંસ્થા છે. તેમાં પણ મહામંડળ સંચાલિત પંચોલી નવયુગ અને નવા જમાના મુજબ વેબસાઇટ એક બીજાના પુરક બની સમાજને નવી ઉંચાઇ અને નવી ટેકનોલોજી દ્વારા સાંકળી રહ્યા છે.

એક વધુ પગલા રૂપ શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ ની માહિતી વધુ સરળતાથી મેળવી શકાય એ માટે આપણે સ્માર્ટ ફોન (એન્ડ્રોઇડ) માટે મોબાઇલ એપ બનાવવા જઇ રહ્યા છીએ.. મહામંડળ, નવયુગ તથા અન્ય તમામ સંલગ્ન સંસ્થાની માહિતી, જરૂરી સહાય માટેના ફોર્મ, સમાજના કોઇપણ મેમ્બરની માહિતી, સમાજની મિટીંગો કે ઇવેન્ટના એલર્ટ આપ જ્યાં હો ત્યાં મોબાઇલ પર મેળવી શકશો.

આપના સ્વજનોની યાદને કાયમ રાખવા સાથે સમાજને માટે કંઇક કરવાની આ તક ઝડપી અમોને સહકારની અનુભૂતી કરાવશો એવી અપેક્ષા. આપ નીચે મુજબ દાન આપી/અપાવી શકો છો.

રૂા. ૧૦,૦૦૦.૦૦/-ના એક એવા પાંચ દાતાઓ, આ તમામ દાતાઓના ફોટા વેબ સાઇટ પર એક પછી એક ફ્લેશ થાય એ રીતે અપલોડ કરવામાં આવશે. જે આગામી ત્રણ વર્ષ સુધી વેબ પર રહેશે. જો કોઇ એક જ દાતા તરફથી રૂા. ૫૦,૦૦૦/- મળશે તો તેઓનો ફોટો અને નામ એપ સાથે ફોન પર ૧૦ વર્ષ સુધી ડિસ્પ્લે કરવામાં આવશે.

ચેક શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ/Ac, વેબસાઇટના નામથી લખવા વિનંતી. અથવા ડાયરેક્ટ બેંક એકાઉન્ટમાં દાન જમા કરાવવા માંગતા દાતાઓને 16890110005316 UCO Bank, Surat એકાઉન્ટમાં જમા કરાવવા વિનંતી. જમા કરાવી અમોને જાણ કરશો..

શ્રી મનિષભાઇ મોહનલાલ પંચોલી-પ્રમુખ શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ
શ્રી હેમંતભાઇ સી. મિસ્ત્રી-વેબ સાઇટ એડમીન મો. ૯૯૨૪૨ ૧૧૦૨૨
શ્રી પ્રતિક પી. પંચોલી- વેબ સાઇટ સબ એડમીન મો ૯૦૩૩૫ ૬૯૧૩૩

pancholisamajmahamandal@gmail.com
૨૦૧, ગુરૂસ્મૃતિ, સોમનાથ મહાદેવ રોડ, સરગમ શોપીંગની પાછળ, પાર્લે પોઇંટ સુરત ૩૯૫ ૦૦૭

**નોંધ : આપના સૂચનો આવકાર્ય છે.....**

# પંચોલી નવયુગ - જરૂરી સૂચના....

શ્રી પંચોલી નવયુગ એ શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળની સંલગ્ન સંસ્થા છે. જેમાં 'પંચોલી નવયુગ' પ્રકાશન મહામંડળના વખતો વખતના નિયમોને ધ્યાનમાં રાખી પ્રકાશિત કરવામાં આવે છે. આ કોઇ કોમર્શીયલ પ્રકાશન નથી પરંતુ સમાજ સેવાના ઉદ્દેશથી કરવામાં આવતી એક પ્રવૃત્તિ છે. જેમાં સેલરી બેઝ નહી પરંતુ ઓનરરી સેવા આપવામાં આવે છે, તેમાં માત્ર સમાજના જ સમાચારો, સમાજના સભ્યો દ્વારા મળતા લેખો, કાવ્યો મહામંડળના નિયમ મુજબ તંત્રીશ્રીને આપેલ સત્તા મુજબ છાપવામાં આવે છે. જેમાં વખતો વખત સામાન્ય સભાની કાર્યવાહી મુજબ ફેરફારને પાત્ર છે.

કોઇપણ લેખ, કાવ્ય કે અન્ય મેટર છાપવી કે નહી એ પ્રકાશન સમિતિની સત્તાને આધિન છે, આ માટે કોઇ પત્ર વહેવાર કરવો નહીં.

મહામંડળ, કોઇ પણ એકમ, અથવા વ્યકિત વિરુધ્ધનું લખાણ, લેખ, જાહેરાત મોકલવી નહી, એ છાપવામાં આવતી નથી, આમ છતાં ભુલથી છપાય જશે તો તેની સંપૂર્ણ જવાબદારી મેટર મોકલનારની રહેશે..

કોઇ પણ તકરારી મેટર અથવા કોઇના વાંધા મળેલ હશે એવી મેટર છાપવામાં આવશે નહીં.

પંચોલી નવયુગમાં પ્રકાશિત થતી મેટરની સત્યતા અત્રેથી ચકાશવામાં આવેલ નથી તથા પ્રકાશિત થયેલ મેટર સાથે તંત્રી અથવા મહામંડળ સંમત છે એમ માનવું નહીં. મેટરની તમામ જવાબદારી મેટર મોકલનારની રહેશે.

સમય મર્યાદાબાદ મળેલ મેટર જે તે અંકમાં પ્રકાશિત થશે નહી તેની જવાબદારી તંત્રીની રહેતી નથી.

સોશ્યલ મીડીયા દ્વારા મોકલવામાં આવેલ મેટર અસ્વીકાર્ય છે...

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

# સંસ્થા સમાચાર......

## શ્રી પંચોલીસેવા સમાજ-પાવી જેતપુર

તા. ૨૮.૧૦.૨૦૧૫ના રોજ પાવી જેતપુર એકમની મિટિંગ સભ્યશ્રી ગજેન્દ્રકુમાર પરસોત્તમભાઇ પંચોલીને ત્યાં રાત્રે ૯.૦૦ કલાકે પ્રમુખ શ્રી ગણપતભાઇ ભટાભાઇ પંચોલીના અધ્યક્ષ સ્થાન હેઠળ મળી હતી.

મિટિંગની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી. ત્યારબાદ તા. ૧૯.૦૮.૨૦૧૫ના રોજ મળેલ મિટિંગની કાર્યવાહીનું વાંચન કરવામાં આવ્યું જેને આજની સભાએ સર્વાનુમતે ગ્રાહ્ય રાખી બહાલી આપી.

આજરોજ અગામી દિવાળીઅંકની જાહેરાત અંગે આવેલ વિગતો તથા પંચોલી નવયુગ અંગે આવેલ ફાળો નવયુગમાં ભરપાઇ કર્યા એ અંગેની વિગતવાર ચર્ચા કરવામાં આવી.

ગેરહાજર રહેનાર સભ્યોને જાણ કરવા છતા ન હાજર રહેવા બદલ પ્રમુખશ્રીએ તમામ સભ્યો મિટિંગમાં હાજર રહી પોતાના મંતવ્યો રજુ કરે એવી રજુઆત કરવામાં આવી હતી.

દિવાળી-નૂતન વર્ષની હાર્દિક શુભેચ્છાઓ પાવી જેતપુર એકમના પ્રમુખશ્રી-મંત્રીશ્રી-ઉપપ્રમુખશ્રી દ્વારા પાઠવવામાં આવી હતી.

અંતમાં હાજર રહેલ ભાઇ-બહેનોને અલ્પાહાર તથા શરબતનો રસાસ્વાદ સભ્યશ્રી ગજેન્દ્રભાઇ દ્વારા કરવાવવામાં આવ્યો, તયારબાદ મિટિંગ પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવી હતી.

## શ્રી નવસારી પંચોલી પંચ - નવસારી

શ્રી નવસારી પંચોલી પંચ આયોજીત અને સ્વ. છગનલાલ ઘેલાભાઇ મિસ્ત્રીની સ્મૃતિમાં ગાયત્રી યજ્ઞ અને સામાન્ય સભા અને સાંસ્કૃતિક પોગ્રામનું આયોજન તા. ૨૫.૧૦.૨૦૧૫ને રવિવારે સવારે ૯.૦૦ કલાકે શ્રી મોઢ ઘાંચી સમાજની વાડીમાં રાખવામાં આવ્યું હતું.

ગાયત્રી યજ્ઞના યજમાન હતા. શ્રીમતિ ઉષાબેન અને જયંતિભાઇ સી. મિસ્ત્રી, શ્રીમતિ પ્રિયંકાબેન તથા શ્રી કમલકાંત બી. મિસ્ત્રી, ચિ. સ્મિત પરેશભાઇ પંચોલી અને શ્રી તૃષાત જગદીશભાઇ મિસ્ત્રી..

ગાયત્રી યજ્ઞની પૂર્ણાહુતિ બાદ સૌએ ભોજનનો રસાસ્વાદ માણ્યો... ત્યારબાદ બપોરે ૩.૦૦ કલાકે સમાન્ય સભાની શરૂઆત પ્રથમ ઉર્વીબેન અને હિરલબેનની પ્રાર્થનાથી કરવામાં આવી.

પ્રથમ દિવંગત આત્માની શાંતિ અર્થે બે મિનિટ મૌન પાળી શ્રદ્ધાંજલી અર્પણ કરવામાં આવી. જેમાં ખડસુપા નિવાસી તારાબેન






રમણભાઇ મિસ્ત્રી તથા ગં.સ્વ. લલીતાબેન મગનલાલ પંચોલી અને ગં.સ્વ. જશવંતીબેન ઠાકોરભાઇ પંચોલી..

શ્રી નવસારી પંચોલી જ્ઞાતિ પંચનો ૨૦૧૪-૧૫ વર્ષનો વાર્ષિક હિસાબ શ્રી સમીરભાઇ પંચોલીએ સામાન્ય સભા સમક્ષ રજુ કર્યો. અને ઉત્તમભાઇ ભાણાભાઇ મિસ્ત્રી વીલ ટ્રસ્ટનો વાર્ષિક હિસાબ શ્રી શાંતિલાલ ભાઇ મિસ્ત્રીએ રજુ કર્યો. જેનુે સર્વાનુમતે મંજુરી આપી હતી.

વર્ષ ૨૦૧૪-૧૫માં ઉત્તિર્ણ થયેલ કોલેજ કક્ષાના વિદ્યાર્થીઓને રોકડ સહાય પ્રમુખશ્રી દિપકભાઇ મિસ્ત્રીના વરદ હસ્તે આપવામાં આવી. તથા નવસારી એકમના આર્થિક/નિરાધાર/વિધવા સભ્યોને આર્થિક રીતે મદદરૂપ થવા માટે રોકડ સહાય આપવામાં આવી હતી.

શ્રી ઉત્તમભાઇ ભાણાભાઇ મિસ્ત્રી વીલ ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી જીતેન્દ્રભાઇ બળવંતભાઇ મિસ્ત્રી વિદેશગમન જતા હોય એમની જગ્યાએ નવા ટ્રસ્ટીની નિમણૂંક કરવાની ચર્ચા કરવામાં આવી હતી પરંતુ જીતેન્દ્રભાઇએ આ બાબતમાં નવસારી પંચના પ્રમુખ/મંત્રીને લેખિત જાણ કરી ન હોવાથી જ્યાં સુધી એમની લેખિત અરજી ન આવે ત્ય સુધી નવી નિમણૂંક ન થઇ શકે એમ જણાવવામાં આવ્યું. જેથી આ ચર્ચા આગામી સમાન્ય સભામાં લઇ જવા જણાવ્યું.

સસ્કૃતિક કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી જેનું સંચાલન પ્રીતિબેન પંચોલી-સમીર પંચોલી-ઉર્વીબેન પંચોલી-દિપેશ પંચોલીએ કર્યુ હતું. જેમાં મીમીક્રી, બાળકોની સ્પીચ, ફિલ્મીગીત, ડાન્સ, વેશભૂષા, એક પાત્રિય અભિનય, નાટક જેવા પોગ્રામો, બાળકો સાથે મમ્મી ગૃપ ડાન્સ, ફેશન શો, જેવી મનોરંજક કૃતિઓ રજુ કરી હતી. બહેનોએ ગરબાની રમઝટ બોલાવી હતી. કયારેય ન થયો હોય એવો પારંપરીક અને પ્રેરણાદાયી પોગ્રામ કરવામાં આવ્યો હતો. પોગ્રામમાં ભાગ લેનાર બાળકોને પંચ તરફથી ગિફ્ટ આપવામાં આવી હતી.

પ્રમુખશ્રી દિપકભાઇએ સૌનો આભાર વ્યકત કર્યો હતો. અને સ્વાદિષ્ટ ભોજનનો લાભ લઇ સૌ છુટા પડયા હતાં.આજે નીચે પ્રમાણે દાન મળ્યુ હતું.

૧૦૦ નિલ જતિનભાઇ મહેતા

| | |
|---|---|
| ૨૦૧ | કમલકાંત ભરતભાઇ મિસ્ત્રી |
| ૨૫૦ | સમીર જયંતિલાલ મિસ્ત્રી |
| ૨૦૧ | દિપકભાઇ નટવરલાલ મિસ્ત્રી |
| ૧૦૧ | ગં.સ્વ. વિણાબેન ભોગીભાઇ મિસ્ત્રી |
| ૧૦૦ | શરદચંદ્ર ઉત્તમરામ મિસ્ત્રી |
| ૧૫૧ | જશભાઇ વિઠ્ઠલભાઇ પંચોલી |
| ૧૫૧ | જયંતિભાઇ એન. મિસ્ત્રી |
| ૨૫૧ | રજનીકાંત ઇચ્છારામ પંચોલી |
| ૨૫૧ | પરેશભાઇ અરવિંદભાઇ પંચોલી |
| ૨૦૧ | જયંતિભાઇ સી. મિસ્ત્રી |

દાતાઓનો ખુબ ખુબ આભાર....

## વિશિષ્ટ સન્માન



નવસારી પંચોલી સમાજના શ્રીમતિ રમીલાબેન બકુલભાઇ મિસ્ત્રી વર્ષ ૨૦૧૪ માં ગુજરાત સ્ટેટ એથલેટીક એશોસીયેટ આયોજીત તરણ સ્પર્ધામાં ૨૦૦ મીટર ફ્રી સ્ટાઇલ તથા ૨૦૦ મીટર I.M.માં બીજા ક્રમે, ૨૦૧૫માં વુમન ફીટનેશ કોમ્પીટેશનમાં પ્રથમ ક્રમે, ૨૦૧૫ માં ગુજરાત સ્ટેટ એથલેટીક એશોસીયેટ આયોજીત તરણ સ્પર્ધામાં ૧૦૦ મીટર બટરફલાઇ માં પ્રથમ અને ૨૦૦ મીટર I.M.માં બીજા ક્રમે મેળવી શ્રીમતિબેન રમીલાબેન મિસ્ત્રીએ સમગ્ર રાજ્યમાં પોતાનું તથા સમાજનું નામ રોશન કર્યુ છે. એ બદલ શ્રી નવસારી પંચોલી પંચ તથા સમસ્ત નવસારીના સભ્યો વતી પ્રમુખશ્રી દિપકભાઇએ પુષ્પગુચ્છ આપી સન્માનિત કર્યા હતા...

## શ્રી સુરત પંચોલી જ્ઞાતિ સમસ્ત પંચ

શ્રી સુરત પંચોલી જ્ઞાતિ સમસ્ત પંચ સુરતની સામાન્ય સભા તા. ૨૫.૧૦.૨૦૧૫ના રોજ બપોરે ૩.૩૦ કલાકે પંચના પ્રમુખ શ્રી હેમંતભાઇ સી. મિસ્ત્રીના અધ્યક્ષ સ્થાને પંચની વાડી માં ગોપીપુરા ખાતે મળી હતી જેમાં નીચે મુજબની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

એજન્ડા : ૧ - પ્રમુખ શ્રી હેમંતભાઇ સી. મિસ્ત્રીએ હાજર રહેલ સભ્યોનું સ્વાગત કરતા સભાની શરૂઆત કરી.

એજન્ડા નં. : ૨ - જેમ સૌ પ્રથમ વર્ષ દરમ્યાન સમસ્ત પંચ તથા જ્ઞાતિમાં અવસાન પામેલા જ્ઞાતિજનોના આત્માની શાંતિ અર્થે ૨ મિનિટ મૌન પાળી શ્રદ્ધાંજલી આપવામાં આવી.

એજન્ડા : ૩ - મંત્રીશ્રી ધવલભાઇ પંચોલી દ્વારા ખાસ સામાન્ય સભા તથા સામાન્ય સભાની મિનિટસનું વાંચન કર્યુ હતું જેની નોંધ લઇ સર્વાનુમતે મંજુર કરવામાં આવી.

એજન્ડા નં. : ૪ - હેમંતભાઇએ વર્ષ દરમ્યાન મળેલ કારોબારી સભાનો ટુંક હેવાલ તથા કારોબારીએ કરેલ કાર્યોની જાણકારી સામાન્ય સભાને આપી હતી. આ ચર્ચા દરમ્યાન હેમંતભાઇએ અગાઉની સામાન્ય સભાના ઠરાવ અંગે જણાવતા કહ્યું હતું કે સુરત પંચમાં રાહત દરે સભ્યપદ મેળવવાનો સમયગાળો પુરો થયેલ છે, આમ છતાં જે સભ્યો તમામ રકમ સાથે ભરી શકે એમ ન હોય તેઓ હપ્તા દ્વારા રકમ જમા કરાવી શકશે પરંતુ લાભો પુરેપુરી ફી ભરાયા બાદ મળશે...

ક્રિકેટમેચ તથા પ્રથમ યુવા અધિવેશનના સફળ આયોજન કરવા બદલ યુવક મંડળ તથા સ્વયં સુરતના કાર્યકર્તાઓને બિરદાવ્યા હતાં.

સગરામપુરાના વિજયભાઇ બળવંતભાઇ પંચોલી તરફથી વર્ષો વરસ નિયમિત રૂપે કોઇપણ નામ વિના મળતા દાનની નોંધ લઇ આભાર વ્યકત કરવામાં આવ્યો હતો..

પંચના ખજાનચી શ્રી ઉમેશભાઇ પંચોલીએ વર્ષ ૨૦૧૪-૧૫ના ઓડિટ થયેલા હિસાબ સભા સમક્ષ રજુ કર્યા હતાં. તેમાં વાડી વપરાશ બાબતે શ્રી નિલેશભાઇ પંચોલીએ સ્પષ્ટ જવાબ માંગતા સંતોષકારક ખુલાસો કર્યો હતો. ચર્ચા વિચારણાને અંતે હિસાબ સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યા હતાં.

એજન્ડા નં. : ૬ -સહાય બાબતે પ્રમુખશ્રી હેમંતભાઇએ જણાવ્યું હતું કે ચાલુ વર્ષે પંચ દ્વારા અપાતી શૈક્ષણિક સહાય, વિધવા સહાય, આર્થિક સહાયમાં કોઇ વધારો ઘટાડો સુચવવામાં આવેલ નથી. હાલમાં ઘટતા વ્યાજના દરને ધ્યાનમાં લઇ સહાયમાં કોઇ ફેરફાર વિના સભાએ સર્વાનુમતે મંજુરી આપી, વધુમાં હેમંતભાઇએ મેડીકલ સહાયમાં નકકી થયા મુજબ એક સભ્યપદ દીઠ વધુમાં વધુ ત્રણ વ્યકિતને મેડીકલ સહાયની જોગવાઇ યાદ અપાવતા ભલામણ કરી હતી કે જે સભાસદના ચુલા જુદા થયેલ છે તેઓ અલગથી સભ્યપદ મેળવી લે જેથી ભવિષ્યમાં સહાય મેળવવામાં સરળતા રહે..

એજન્ડા : ૫ - ઔચ્છવની તારીખ કારોબારીએ તા. ૨૭.૧૨.૨૦૧૫ નકકી કરી હતી પરંતુ એ સમય દરમ્યાન હોલ ખાલી ન હોય તારીખ ૨૪.૧.૨૦૧૬ના રોજ નકકી રાખવામાં આવી. આ અંગે હેમંતભાઇએ જણાવ્યું હતું કે અમોએ સુરત મહા નગરપાલિકામાં કાર્યવાહી કરી તા. ૨૪.૦૧.૧૬ના રોજ સ્થાયી

સમીતીએ પંચને હોલ વિના મૂલ્યે ફાળવવા બાબતે ઠરાવ મેળવી લીધો છે. સભાએ તાળીઓના ગડગડાટથી આ જાહેરાતને વધાવી લીધી હતી. વિના મૂલ્યે હોલ તથા પાર્ટી પ્લોટ ફાળવવા બદલ સ્થાયી સમિતિના અધ્યક્ષને આભાર દર્શક લેટર મોકલવાનું નકકી કરાયું.

હેમંતભાઈએ કાર્યક્રમની રૂપરેખા આપતા જણાવ્યું હતું કે બાળકોને ઇનામ વિતરણ તથા દરેક એરીયા દીઠ ૧૦ મિનિટ ફાળવવામાં આવશે. જેમાં એન્ટ્રીઓની ડીટેઈલ સહિત તા. ૨૫.૧૧.૨૦૧૫ પહેલા જમા કરાવવી ત્યાર બાદ આવેલ એન્ટ્રીને સ્થાન આપી શકાશે નહીં.

શ્રી ઉમેશભાઇ તથા ધવલભાઈએ જણાવ્યું હતું કે તમામ બાળકોને સ્ટેજ પર બોલાવી ઈનામ આપવા જે માન્ય રાખવામાં આવ્યું.

હેમંતભાઈએ સુરતમાં વસતા તમામ જ્ઞાતિજનો આ કાર્યક્રમમાં આવી શકશે એમ જણાવતા, શ્રી રાજેશભાઇ ગાંધીએ જણાવ્યું હતું કે જેઓ હજી પંચના સભ્યો નથી થયા તેઓને આમંત્રણ આપવું કે કેમ ?  તથા તેઓ પાસે અલગથી વધુ ફી લેવી જોઈએ, હેમંતભાઈએ આ બાબતમાં જણાવ્યું કે સુરતમાં વસતા તમામ પંચોલી આપણાં ભાઈઓ હોય તથા સુરતની પરંપરા મુજબ આપણે બધા જ જ્ઞાતિજનોને બોલાવીએ છીએ. અંતે સભાએ તમામ જ્ઞાતિજનોને આમંત્રણ આપવું તથા કોઈ અલગ ફી નહી લેવી અને તેઓ દ્વારા ડોનેશન મળે તો સ્વીકારવુ એમ ઠરાવ્યું. હેમંતભાઈએ જણાવ્યું હતું કે રજીસ્ટ્રેશન માટે છેલ્લી તારીખ ૧૫.૧૨.૨૦૧૫ રાખવી.

ઓચ્છવનો ખર્ચ મોટો હોય સ્પોન્સરશીપ લેવાનું નકકી કરવામાં આવ્યું. અને સ્થળ પર જ નીચે મુજબના ડોનેશન જાહેર કરાયા. શ્રી અમૃતલાલ નરોત્તમદાસ મહેતા રૂા. ૧૧,૦૦૦/- ઈનામ સ્પોન્સર, શ્રી અનીલભાઈ ઉત્તમરામ મારફતીઆ અતિથિ વિશેષ- રૂા. ૧૫,૦૦૦/-, શ્રી ગંગાબાના સ્મરણાર્થે ભાવેશભાઈ તરફથી રૂા. ૧૧,૦૦૦/- ઈનામ સ્પોન્સર, શ્રી અશ્વીનભાઈ એમ. પંચોલી તરફથી ૫,૦૦૦/- ભોજન સ્પોન્સરની જાહેરાતને સૌએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધી

અમ્રતભાઈએ એક વધુ જાહેરાત કરતા જણાવ્યું હતં કે શ્રી સુરત પંચને સ્વ. નિર્મળાબેન ધનસુખલાલ પંચોલીના સ્મરણાર્થે વિધવા સહાય વપરાશ ફંડમાં રૂા. ૨૫,૦૦૦/-નું દાન તેઓની દીકરીઓ શ્રીમતિ ભારતીબેન અનૂપભાઈ મિસ્ત્રી, રક્ષાબેન કમલેશભાઈ જરીવાલા તથા કિરણબેન દિપકકુમાર ઝવેરી તરફથી જાહેર કરવામાં આવ્યું છે પંચ તેનો સાભાર સ્વીકાર કરે છે. રૂા. ૧૦,૦૦૦/- બીપીનભાઈ હિરાલાલ મહેતા તરફથી શૈક્ષણિક સહાય માટે મળ્યા હતાં. જેની સભાએ નોંધ લઈ આભાર વ્યકત કર્યો હતો.

એજન્ડા : ૭ - મહામંડળના તા. ૧૨.૧૨.૧૫ના રોજ આયોજીત સમાજ સુરક્ષા યોજનાની મિટિંગમાં યોજનાના સભ્યોએ હાજર રહેવું એમ જણાવ્યું. ઔપચારિક ચર્ચા દરમ્યાન સુરતના તમામ ૩૩૫ સભ્યો વતી રજુઆત કરવાની તથા તમામ નિર્ણયો લેવા પંચના હોદ્દેદારોને નિયુકત કરવામાં આવ્યા, હાજર રહેલ તમામ સભ્યોએ આ નિર્ણયને સમર્થન આપ્યું.

એજન્ડા નં. ૮ : સંસ્થાના પ્રમુખનો ચાર્જ હેન્ડ ઓવર કરતા પહેલા હાલના પ્રમુખ હેમંતભાઈ મિસ્ત્રીએ જણાવ્યું હતું કે અમો ૧૬-૧૬ વર્ષથી આ ફરજ બજાવી રહ્યાં છીએ. આપના સહકારથી ૧૯૯૯ થી ૨૦૦૦માં ચાર્જ લીધો ત્યારથી આજ સુધીમાં સરવૈયામાં ૪ ઘણાથી વધુનો વધારો થયો છે અને એના યશભાગી આજ દીન સુધી મારી સાથે કાર્ય કરનાર અન્ય હોદ્દેદારો પણ છે. અને તેઓની સેવા બદલ અને તેઓએ આપેલ સાથ સહકાર બદલ સભામાં શ્રી જતીનભાઈ પંચોલી, રાજેશભાઈ પચ્ચીગર અને દક્ષયભાઈ ગજ્જર હાજર ન હોય તેઓનો આભાર માન્યો હતો. હાજર રહેલ માજી ઉપપ્રમુખ શ્રી ચંદ્રકાંતભાઈ રૂવાલા તથા હાલના હોદ્દેદારો કમલેશભાઈ ગજ્જર, ઉમેશભાઈ પંચોલી, ધવલભાઈ પંચોલી, તથા વહીવટદાર શ્રી અમ્રતભાઈ મહેતાને સ્મૃતિભેટ આપી અંગત હેસીયતથી સન્માન કર્યુ હતું. અને તમામ કારોબારી સભ્યોનો પણ ૧૬ વર્ષ સુધી સાથ આપવા બદલ આભાર માન્યો હતો.

એજન્ડા ૯ :- શ્રી મુકેશભાઈ કનૈયાલાલ પંચોલીએ વિધિવત પ્રમુખપદનો ચાર્જ શ્રી મુકેશભાઈને સોપ્યો હતો. નવા પ્રમુખને આવકારતા તેઓનું પુષ્પગુચ્છ વડે સ્વાગત પંચના વરિષ્ઠ સભ્યશ્રી રાજેશભાઈએ કર્યુ અને ત્યારબાદની કાર્યવાહી મુકેશભાઈના પ્રમુખપદ હેઠળ કરવામાં આવી. અને નીચે મુજબના હોદ્દેદારો આગામી ત્રણ વર્ષ માટે ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતાં.

શ્રી મુકેશભાઈ કનૈયાલાલ પંચોલી-પ્રમુખ
શ્રી કમલેશભાઈ એચ. ગજ્જર-ઉપપ્રમુખ
શ્રી ઉમેશભાઈ બી. પંચોલી-ખજાનચી
શ્રી ધર્મેશભાઈ એ. મહેતા - સહ-ખજાનચી
શ્રી નિલેશકુમાર જે. પંચોલી-સહમંત્રી
શ્રી અમ્રતલાલ એન. મહેતા પંચના વહીવટદાર ની નિમણૂંક ચાલુ રાખવામાં આવી.

એજન્ડા નં. ૧૦ :- નવા હોદ્દેદારોની નિમણૂંકને ધ્યાનમાં લઈ નવા હોદ્દેદારો પૈકી પ્રમુખ, મંત્રી, ખજાનચી માંથી ગમે તે બેની સહીથી બેન્કના કાર્ય કરવા તથા એ અંગેના ફેરફાર બેન્કમાં કરાવવા અને ત્યાં સુધી જુના હોદ્દેદારોની સહીથી વહેવાર કરવા એમ નકકી કરાયું.

એજન્ડા : ૧૧ - પ્રમુખ સ્થાનેથી રજુ થાય તે બાબતમાં નીચે મુજબના કાર્યો કરવામાં..

(૧) સુરત મુકામે નવયુગ ખબરપત્રી તરીકે રાજેશભાઈ ગાંધીએ રાજીનામું આપતા તેઓને આ કાર્ય ચાલુ રાખવા સમજાવ્યા હતા.

પરંતુ તેઓ વ્યવસાયના કારણે આગળ કાર્ય કરવા અસંમતિ દર્શાવી અસંમતિ દર્શાવતા હેમંતભાઈએ જણાવ્યું હતું કે જેમ સ્વ. અશોકભાઈએ નવયુગ માટે તમોને તૈયાર કર્યા હતાં તેમ તમો પણ એક કાર્યકર્તાને નોમીનેટ કરો તો વધુ સારું. પરંતુ રાજેશભાઈ ગાંધીએ આ કાર્ય પંચ વધુ સારી રીતે કરી શકશે તેમ જણાવતા ચર્ચા બાદ શ્રી રાજેશભાઈ ગાંધીએ આપેલ સેવાની નોંધ લઈ તેઓનું રાજીનામુ મંજુર કરવામાં આવ્યું હતું. હવે પછી યોગ્ય ઉમેદવારની પસંદગી કરી નવયુગના તંત્રી અને મહામંડળને જાણ કરવાનું નક્કી કરાયું.

(૨) શ્રી રાજેશભાઈ ગાંધીએ અગાઉ પૂછેલા પ્રશ્નના અનુસંધાનમાં હેમંતભાઈએ જણાવ્યું હતું કે પંચની છેલ્લી વસ્તી ગણત્રી ૨૦૦૮માં કરવામાં આવી હતી. અને ૨૦૧૫માં ફરી વસ્તી ગણત્રીના ફોર્મ ભરાવી ડેટા તૈયાર કરેલ છે. પરંતુ હવે વસ્તી ગણત્રી બુક છપાવવાને બદલે કારોબારીએ પંચની વેબ સાઈટ બનાવવાની ભલામણ કરી હતી. અને તેના એડમીન તરીકે શ્રી ધવલભાઈ પંચોલીની નિમણૂંક કર્યાનું જણાવી વધુ વિગત માટે ધવલભાઈને કહેતા તેઓએ જણાવ્યું હતું કે ડોમેન નામના ચાર નામો અવેલેબલ છે જે પૈકી Suratpanch.in નામ ફાયનલ કરવામાં આવ્યું. ધવલભાઈએ વધુમાં જણાવ્યું હતું કે ૧૦૦ ઉપરાંત મેઈલ, કુટુંબ દીઠ એડીટીંગ તથા સૌને અંગત સ્પેશ પણ આ સાઈટ પર મળશે.

પંચના ખજાનચી શ્રી ઉમેશભાઈએ જણાવ્યું હતું કે હેમંતભાઈએ ચાર્જ સંભાળ્યો ત્યારથી આજની પરિસ્થિતિમાં છેલ્લા ૧૬ વર્ષમાં થયેલ ફેરફાર અને મુડીનો વધારો આપણને સ્પષ્ટ રીતે દેખાય છે. તેઓના આ યશસ્વી કાર્યકાળને ધ્યાનમાં લઈ આગામી ઓચ્છવ હેમંતભાઈના સન્માનમાં રાખવો જોઈએ. પરંતુ હેમંતભાઈએ જણાવ્યું કે સંસ્થા મહાન હોય શકે, વ્યકિત નહીં, અંતે ઓચ્છવમાં હેમંતભાઈનું સન્માન કરવાનું નક્કી કરાયું.

પંચના મંત્રીશ્રી ધવલભાઈએ જણાવ્યું કે આજે આપણે હેમંતભાઈને ખાલી વિદાય આપવાની જગ્યાએ ખાસ વિદાય આપવી જોઈએ.. સમગ્ર સભાએ પોતાની જગ્યાએ ઉભા થઈ હેમંતભાઈને તાળીઓના ગડગડાટથી વધાવતા સ્ટેંડીંગ ઓવેશન અપાયું....

અંતમાં કોલ્ડ કોકો-નાસ્તાને ન્યાય આપી ૬.૧૫ કલાકે છુટા પડયા.

## સ્વયં-સુરત

સ્વયં સુરત દ્વારા તા. ૧૯.૧૦.૨૦૧૫ના રોજ ગ્રુપ સભ્ય માનસી-દિપેશ મિસ્ત્રીના નિવાસ સ્થાને નવરાત્રી ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સુરતના સભ્યો તથા તેમના ઘરના સભ્યો મળીને કુલ ૮૦ જ્ઞાતિજનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

માતાજીની આરતીની શુભ શરૂઆત સાથે નવરાત્રી ઉત્સવની શુભ શરૂઆત કરી. ત્યારબાદ હરીફાઈની શરૂઆત કરવામાં આવી. નિર્ણાયક તરીકેની સેવા શ્રીમતિ પૂર્ણિમાબેન ગજ્જર અને જ્યોત્સાનાબેન પંચોલીએ આપી હતી. કોમ્પીટીશનમાં નીચે મુજબ વિજેતા થયા હતા.

બેસ્ટ ડ્રેસ (૧૦ વર્ષથી નીચે) પ્રથમ : વેદાંસી મિસ્ત્રી
દ્વિતીય : ધ્યાની પંચોલી
બેસ્ટ ડ્રેસ (ફીમેલ) : પ્રથમ - રીમા મિસ્ત્રી
દ્વિતીય : ભાવિકા મિસ્ત્રી
બેસ્ટ ડ્રેસ (મેલ) : પ્રથમ : સ્વપ્નીલ પંચોલી
દ્વિતીય : દિપેશ મિસ્ત્રી
બેસ્ટ પરફોર્મન્સ(મેલ) : પ્રથમ -મયંક પંચોલી
દ્વિતીય : પ્રિયાંક મિસ્ત્રી
બેસ્ટ પરફોર્મન્સ (ફીમેલ) : પ્રથમ -માનસી મિસ્ત્રી
દ્વિતીય : મૃદુતા પંચોલી

કોમ્પીટીશન બાદ હાજર રહેલ સૌએ ગરબામાં ઉત્સાહભેર ભાગ લઈ ગરબાની રમઝટ બોલાવી હતી.. વિજેતાઓને ઈનામો આપી નવાજ્યા. ત્યારબાદ ભેલ કચોરી અને કોકોનો આસ્વાદ માણી હતી આનંદભેર છુટા પડયા. આ પ્રસંગે નીચે મુજબની ભેટ મળી હતી.

| | |
|---|---|
| ૫૦૧ | ભારતીબેન મિસ્ત્રી |
| ૫૦૧ | પૂર્ણિમાબેન ગજ્જર |
| ૧૦૧ | જ્યોત્સનાબેન પંચોલી |
| ૨૫૧ | અનુપભાઈ મિસ્ત્રી |
| ૧૫૧ | બીન્ની પંચોલી |
| ૧૫૧ | ચિરાગ પંચોલી |
| ૧૫૧ | ધરા હાર્દિક પંચોલી |

દાતાઓનો ખૂબ ખૂબ આભાર.....

## સમાજવાડીમાં ખીલેલું પુષ્પ



અમદાવાદ નિવાસી શ્રી મનનકુમાર જયેન્દ્રભાઈ પંચોલીને ત્યાં પુત્રરત્ન 'ચિ. કહાન'નો જન્મ તા. ૨૮. ૧૧. ૨૦૧૫ના રોજ થયો.

માતા : પલકબેન

# મહિલા સમાચાર......

## પંચોલી ભગીની મંડળ-રાજપીપલા

પંચોલી ભગીની મંડળની એક મિટિંગ તા. ૮.૯.૨૦૧૫ના રોજ અનસુયાબેનના નિવાસ સ્થાને મળી હતી. ગણેશવંદના બાદ સૌ બહેનોનું કોલ્ડ ડ્રિંકસથી સ્વાગત કરવામાં આવ્યુ. ગત મિટિંગનો અહેવાલ પ્રમુખશ્રીએ વાંચ્યો. મહિલા બચત યોજના પુરી થતી હોય એ અંગે ચર્ચા કરવામાં આવી. સામાન્ય જ્ઞાન અને નવયુગ પ્રશ્નોત્તરીની સ્પર્ધા કરવામાં આવી. વિજેતા બહેનોને ઇનામો આપી નવાજ્યા. અંતમાં ભોજનને ન્યાય આપી છુટા પડયા...

એક દિવસનો પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં નવાગામ ડેમ, ગોરાના શૂલપાણેશ્વર મહાદેવ જેવા સ્થળોનો સૌએ આનંદ સાથે લાભ લીધો હતો.

તા. ૧૦.૧૦.૨૦૧૫ને શનિવારના રોજ સરોજબેનના નિવાસ સ્થાને મિટિંગ રાખવામાં આવી હતી. પ્રથમ કોલ્ડ ડ્રિંકસથી સર્વેનું સ્વાગત કરવામાં આવ્યું.. સમૂહમાં હનુમાન ચાલીસા નો પાઠ કરી મિટિંગની શુભ શરૂઆત કરવામાં આવી. ગત મિટિંગનું વાંચન પ્રમુખ ગીતાબેને કર્યુ.

વડોદરા મુકામે યોજાયેલ મહામંડળની મિટિંગમાં પ્રમુખશ્રી અને મંત્રીશ્રીએ હાજરી આપી હતી.. તેની સર્વે સાથે ચર્ચા કરવામાં આવી હતી. સામાન્ય જ્ઞાનનો વધારો કરવા વાંચન જરૂરી છે એ માટે ફરતી લાયબ્રેરી પ્રોજેક્ટ અંગે ચર્ચા કરી બુકસની આપલે કરી હતી.

ફિલ્મી ગીતની સ્પર્ધા રાખવામાં આવી હતી. વિજેતા બહેનોને ઇનામો આપી અભિનંદન પાઠવ્યા. બ્લડપ્રેસર અને ડાયાબીટીશ ચેકઅપ માટે શ્રી મધુભાઇ દેસાઇએ સેવા આપી હતી. ૪૦ બહેનોએ ભાગ લીધો હતો. ત્યારબાદ ગરબા પ્રોજેક્ટ કર્યો હતો.. બધા પ્રોજેક્ટ પુરા થવા બદલ સર્વે બહેનોને ખૂબ જ મઝા પડી. રૂા. ૫૦/- જયશ્રીબેન તરફથી તથા રૂા. ૫૦ સેજલબેન વી. પંચોલી તરફથી વર્ષગાંઠ નિમિત્તે મળ્યા. અંતમાં સુંદર સ્વાદિષ્ટ ભોજનને ન્યાય આપી છુટા પડયા. આગામી મિટિંગ રેખાબેન આર. પંચોલીને ત્યાં રાખવાનું નક્કી કરી છુટા પડયા.

તા. ૧.૧૨.૨૦૧૫ના રોજ ભગીની મંડળ રાજપીપલાની એક મિટિંગ રેખાબેન પંચોલીના નિવાસ સ્થાને મળી જેમાં ૧૬ બહેનો હાજર રહી હતી. પ્રથમ રેખાબેને ઠંડા પીણાંથી સૌનું સ્વાગત કર્યુ. ત્યારબાદ સરોજબેને ગણેશ સ્તુતિ અને ગીતાબેનના સ્વામિનારાયણના ભજનથી મિટિંગની શરૂઆત કરવામાં આવી. ત્યારબાદ એક દિવસીય પ્રવાસ અંગે ચર્ચા વિચારણાને અંતે તા. ૧૯.ક્ષર.૨૦૧૫ના રોજ નિલકંઠધામ પોઇચાના પ્રવાસનું આયોજન સ્વખર્ચે જવાનું નક્કી કરવામાં આવ્યું. બચત યોજનાને ૫ વર્ષ પૂર્ણ થયા હોય સભ્યોને ૨૦ ગ્રામ ચાંદીની લગડી આપવાનું નક્કી કરવામાં આવ્યું. નવા વર્ષથી મિટિંગમાં રૂા. ૧૦૦૦/- નું ભંડોળ ભેગુ કરી જેમની ઘરે મિટિંગ હોય તેમને આપવાનું નક્કી કરવામાં આવ્યું. આજરોજ નીચે મુજબનું દાન મળ્યું.

રૂા. ૧૦૦ જયશ્રીબેન તર.થી પૌત્રી 'દુર્વા'ના જન્મ નિમિત્તે

રૂા. ૫૦ રેખાબેન કે. પંચોલી તરફથી એનીવર્સરી નિમિત્તે

રૂા. ૫૦ રેખાબેન આર. પંચોલી તરફથી વર્ષગાંઠ ભેટ

રૂા. ૫૦ પ્રતિભાબેન એસ. પંચોલી તરફથી જન્મ દિવસની ભેટ.

આગામી મિટિંગ રેખાબેન કે. પંચોલીના નિવાસસ્થાને તા. ૬.૧.૨૦૧૬ના રોજ રાખવાનું નક્કી કરી કાઠીયાવાડી ભોજનને ન્યાય આપી છુટા પડયા

## પ્રગતિ મહિલા મંડળ-વ્યારા

તા. ૨૨.૧૧.૨૦૧૫ના રોજ વ્યારા જલવાટીકા ખાતે મિટિંગ રાખવામાં આવી હતી. પારૂલબેન ગાંધીએ સૌ બહેનોને આવકાર્યા. પ્રથમ અમ્રતભાઇ ઘેલાભાઇ પંચોલીના ઘામગમન નિમિત્તે મૌન પાળી રામ સ્તુતિ કરી શ્રદ્ધાંજલી આપવામાં આવી. ગત મિટિંગનું વાંચન હેતલબેને કર્યુ. પારૂલબેને નવયુગ વાંચન કર્યુ. ફરતી લાયબ્રેરી અને કપડાં વિતરણ અંગે ચર્ચા કરવામાં આવી. જે બહેનોની આ માસમાં આવતી બર્થડે અને એનીવર્સરી માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી.

લગ્નગીત અંતાક્ષરી રમવામાં આવી. વન મિનિટ ગેમ રમાડી, જેના વિજેતા પ્રથમ-પ્રભાબેન જમિયતભાઇ પંચોલી અને દ્વિતીય સોનલબેન સુનિલભાઇ પંચોલી થયા. તા. ૩૧.૧૨. ૨૦૧૫ના રોજ પંચોલી વાડીમાં સલાડ ડેકોરેશન સ્પર્ધા રાખવાનું નક્કી કરવામાં આવ્યું. શિતલબેન મયુરભાઇ પંચોલી તરફથી રૂા. ૧૦૦/- એનીવર્સરી નિમિત્તે. તથા દક્ષાબેન નિતિનભાઇ ગાંધી તરફથી રૂા. ૧૦૦/- બર્થડે નિમિત્તે.. મળ્યા. અંતમાં અલ્પાહારને ન્યાય આપી છુટા પડયા.

પ્રગતિ મહિલા મંડળ વ્યારાની એક મિટિંગ તા. ૧૩.૧૨.૨૦૧૫ના રોજ પંચોલી સમાજની વાડીમાં મળી. જેમાં ૬૦ બહેનોએ હાજરી આપી હતી. જ્યોત્સનાબેનની સુંદર પ્રાર્થનાથી મિટિંગની શુભ શરૂઆત કરી. પ્રમુખ શ્રીમતિ બેલાબેને સૌ બહેનોને આવકાર્યા. હેતલબેને નવયુગનું વાંચન કર્યુ.. તથા આ માસમાં આવતી બર્થડે અને એનીવર્સરી નિમિત્તે શુભેચ્છાઓ પાઠવી.

તા. ૨૦.૧૨.૨૦૧૫ના રોજ વ્યસન મુકિત, બ્લડ પ્રેશર, ડાયાબીટીસ, ડેન્ટલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવાનું નક્કી

નવયુગ શુભચિંતક શ્રી સંજીવ પંચોલી વડોદરા શ્રી રમેશચંદ્ર નાથાલાલ પંચોલી વડોદરા

કરવામાં આવ્યું આથી દરેક બહેનોને સ્વાસ્થ્ય અંગેની જાણકારી પ્રાપ્ત થાય.

સલાડ ડેકોરેશનની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું જેમાં પ્રથમ : નેહા જેનીશભાઇ પંચોલી અને દ્વિતીય ભૂમિકા તેજશભાઇ પંચોલી વિજેતા થયા હતાં. આજનું દાન નીચે મુજબ છે..

એનીવર્સરી નિમિત્તે....

૧૦૧ શ્રીમતિ હેતલ ધવલભાઇ પંચોલી
૫૧ શ્રીમતિ ઉષાબેન હરીશભાઇ પંચોલી
૫૦ શ્રીમતિ મનિષાબેન ઇલેશભાઇ પંચોલી
૫૦ શ્રીમતિ રીનલબેન જીગ્નેશભાઇ પંચોલી
૫૦ શ્રીમતિ રીનાબેન ધર્મેશભાઇ પંચોલી
૫૧ શ્રીમતિ ભાનુબેન સન્મુખભાઇ પંચોલી

બર્થડે નિમિત્તે...

૫૧ શ્રીમતિ બેલાબેન મનિષભાઇ પંચોલી
૧૦૧ શ્રીમતિ જ્યોત્સનાબેન મહેન્દ્રભાઇ પંચોલી
૧૦૧ શ્રીમતિ પદમાબેન હસમુખભાઇ પંચોલી
૫૧ શ્રીમતિ આશાબેન કુલિનભાઇ પંચોલી

અલ્પાહારને ન્યાય આપી સૌ છુટા પડયા.

તા. ૨૦.૧૨.૨૦૧૫ના રોજ ડો. જેનિશભાઇ ચૌહાણે વ્યસન મુકિત, હાઇ-લો બ્લડ પ્રેસર તેમન ડેન્ટલ ચેકઅપ અને માર્ગદર્શન આપ્યું હતું. સ્વર યુથના પ્રમુખ શ્રી અંકિતભાઇએ શરાબ, માવા-ગુટખા, સીગરેટ, ચ્હા-કોફી અને મોબાઇલના વ્યસન અંગે સુંદર મંતવ્ય રજુ કર્યુ હતું. મહિલા સંગઠનના અધ્યક્ષા શ્રીમતિ આનંદીબેને પણ આ અંગે સુંદર માર્ગદર્શન આપ્યું હતું. રીટાબેન ગાંધી એ યોગા વિશે વિવિધ માહિતી સભર રજુઆત કરી માર્ગદર્શન આપ્યું હતું. બ્લડપ્રેસર અને ડાયાબીટીશ ચેકઅપ માં પ્રીયાબેન મનિષભાઇ પંચોલી અને અંજલીબેન સિદ્ધિએ સેવા આપી હતી. અંતમાં ડો. જેનિષભાઇ ચૌહાણનો આભાર માન્યો હતો. આઇસક્રીમને ન્યાય આપી છુટા પડયા.

## તેજસ્વીની મહિલા મંડળ-વડોદરા

તા. ૩.૧૨.૨૦૧૫ના રોજ પ્રીતિબેનના નિવાસ સ્થાને મળી. જ્યોત્સનાબેનની ગણેશ વંદનાથી મિટિંગની શુભ શરૂઆત કરવામાં આવી. પ્રીતિબેને કોલ્ડ ડ્રિંકસથી સૌનું સ્વાગત કર્યું. સદ્ગતના આત્માની શાંતિ અર્થે હૃદયાંજલી અર્પણ કરી.

શ્રીમતિ શીલાબેન અને નીતાબેન એસ. લકી બન્યા. પ્રીતિબેને દિપોત્સવી અંકની જાહેરાતો અને અગત્યના પોઇંટસનું વાંચન કર્યુ.. સુંદર અને દળદાર દિપોત્સવી અંક પ્રકાશિત કરવા બદલ તંત્રીશ્રી દિનેશભાઇની કામગીરીને બિરદાવી.

આજના પ્રોજેકટમાં મહિલા-ચાઇલ્ડ કેર માર્ગદર્શન રાખવામાં આવ્યો હતો. જેમાં ડો. નિરાલીબેને સરળ ભાષામાં માર્ગદર્શન આપ્યું હતું. નિરાલીબેનને સ્મૃતિ ભેટ આપી સન્માન કર્યુ.

પ્રીતિબેને ગેઇમ રમાડી જેમાં ૧૫ બહેનોએ ભાગ લીધો હતો જેમાં પ્રથમ શીલાબેન અને દ્વિતીય નીતાબેન એસ. વિજેતા થયા હતા. વિજેતા બહેનોને સુંદર ગીફ્ટ થી નવાજ્યા. હાઉસી પણ રમ્યા. હર્ષાબેન અને જ્યોતિબેન એસ. ની બર્થડે નિમિત્તે આકર્ષક રૂમાલ આપી શુભેચ્છાઓ પાઠવી. પ્રીતિબેનની સોસાયટીના મંદાબેન પુરોહિતે ફિલ્મ બોબીનું ગીત હમ તુમ એક કમરે મે બંધ હે... ગુજરાતીમાં ગાઇને સૌને મનોરંજન કર્યું. અંતમાં સુંદર સુરૂચિ ભોજનને ન્યાય આપી જ્યોત્સનાબેન તથા પ્રીતિબેનનો આભાર માની છુટા પડયા.

હર્ષાબેન (નાની) પંચોલી તરફથી પૌત્ર ભવ્યની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે રૂા. ૧૦૦/-, લીનાબેન બી. પંચોલી તરફથી મેરેજ એનીવર્સરી નિમિત્તે રૂા. ૧૦૦/- અને નીશાબેન કે. પંચોલી તરફથી સુપુત્ર ચિ. બિનોયના શુભલગ્ન પ્રસંગે નિમિત્તે રૂા. ૧૦૦/- ભેટ મળ્યા.

## પંચોલી મહિલા મંડળ-અંકલેશ્વર

તા. ૨૧.૧૧.૨૦૧૫ના રોજ સોનલબેન પંચોલીને ત્યાં મિટિંગ મળી. નવા વર્ષની પ્રથમ મિટિંગ હોય દરેક બહેનોને નવા વર્ષની શુભેચ્છાઓ આપવામાં આવી. પ્રથમ સમૂહ પ્રાર્થનાથી મિટિંગની શરૂઆત કરી ગત મિટિંગનો અહેવાલ વાંચવામાં આવ્યો. નવયુગનું વાંચન કરવામાં આવ્યું. ફરતી લાયબ્રેરી પ્રોજેકટ મુજબ દરેક બહેનો સાથે પુસ્તકની અદલાબદલી કરી. નવયુગમાં આવેલ અધુરીવાર્તામાં પારસભાઇ મિસ્ત્રીનું પ્રથમ ઇનામ આવવા બદલ મહિલા મંડળે તેમને અભિનંદન પાઠવ્યા.

પ્રોજેકટને અનુલક્ષીને આજરોજ વકૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું જેનો વિષય હતો (૧) મને શું થવું ગમે ? (૨) સંયુકત કુટુંબના લાભાલાભ જેમાં આઠ બહેનોએ ભાગ લીધો હતો. જેના વિજેતા પ્રથમ -દક્ષાબેન દિનેશભાઇ મિસ્ત્રી અને દ્વિતીય અનુરાધાબેન મનુભાઇ મિસ્ત્રી થયા હતા. જજ તરીકે મીરાબેન અને નીતાબેને સેવા આપી હતી. સેવા આપવા બદલ આભાર વ્યકત કર્યો હતો. વન મિનિટ ગેમ રમ્યા. તા. ૧૫.૧૨.૨૦૧૫ના રોજ હેમાબેન પંચોલીને ત્યાં મિટિંગ રાખવાનું નકકી કરી અલ્પાહારને ન્યાય આપી છુટા પડયા.

## પંચોલી મહિલા મંડળ-સુરત

શ્રી પંચોલી મહિલા મંડળ સુરતનો વાર્ષિકોત્સવ તા. ૧૯.૧૨.૨૦૧૫ના રોજ પીપલોદ ખાતે ક્રેઝીબ્રાઇટ રેસ્ટોરન્ટમાં રાખવામાં આવ્યો હતો. મંડળે ૧૪ વર્ષ પૂર્ણ કરી ૧૫માં વર્ષમાં વર્ષમાં પ્રવેશ કર્યો. જેમાં સુરતમાં રહેતા સીનીયર સીટીઝન ભાઇ-બહેનોને આમંત્રણ આપ્યું હતું.

મિટિંગની શરૂઆત મંડળના પ્રમુખ મનિષાબેન ડી. પંચોલીએ સૌનું સ્વાગત કરી નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી આખા વર્ષ દરમ્યાન કરેલ કામગીરીનો અહેવાલનું વાંચન કર્યુ હતું. મહિલા સંગઠન અધ્યક્ષા આનંદીબેન તરફથી વર્ષ દરમ્યાન કરવાના આપેલ પ્રોજેક્ટને બની શકે તેટલા શક્ય પોગ્રામો પાર પાડ્યા હતાં.આમંત્રિત મહેમાનો બાળકો અનુે બહેનો સાથે મળીએ વનમિનિટ ગેમ રમ્યા હતાં. સાગે સાથે મ્યુઝીક પાટીનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. ગેમના વિજેતાઓને શ્રીમતિ પૂર્ણિમાબેન ગજ્જર તરફથી ઇનામો આપવામાં આવ્યા હતાં.

આજનો આ પોગ્રામ સૌએ હશીખુશીથી માણ્યો હતો.. આ હસીખુશીનો શ્રેય સુરત મંડળના હોંશીલા એવા પૂર્ણિમાબેન ગજ્જરને જાય છે કે જેમણે આ પોગ્રામ સ્પોન્સર કર્યો હતો. શ્રીમતિ જ્યોત્સનાબેન ભુપેનભાઇ પંચોલીએ આજના દિવસ વિશે વિશેષ માહિતગાર કરીને મંડળ તરફથી પૂર્ણિમાબેનને પુષ્પગુચ્છ આપી આભાર વ્યકત કર્યો હતો. આગામી મિટિંગ ફેબ્રુઆરીમાં ગાર્ડન પાટી રાખવાનું નકકી કરવામાં આવ્યું. આજના પ્રસંગે નીચે મુજબની ભેટ મળી હતી...

| | |
|---|---|
| ૨૦૦૧ | મનિષાબેન ધર્મેશભાઇ પંચોલી તરફથી ચિંતન-ઝેનીના લગ્ન નિમિત્તે. |
| ૨૦૧ | ઇન્દ્રવદનભાઇ બી. પંચોલી |
| ૨૦૧ | સોનલબેન શૈલેષભાઇ પંચોલી |
| ૧૦૧ | છાયાબેન મુકેશભાઇ પંચોલી |
| ૧૦૧ | જ્યોત્સનાબેન જયેશભાઇ પંચોલી |
| ૧૦૧ | વીણાબેન બળવંતભાઇ પંચોલી |
| ૧૦૧ | કુસુમબેન જયંતીભાઇ પંચોલી |
| ૧૦૧ | ઉત્પેક્ષાબેન વિરેનભાઇ મિસ્ત્રી |
| ૧૦૧ | નીશાબેન અને પ્રીતિબેન મિસ્ત્રી |
| ૫૧ | જીગીષાબેન છાપાવાલા |
| ૫૧ | ભાવનાબેન છાપાવાલા |
| ૫૧ | મંજુબેન એમ. પંચોલી |

## શ્રી પંચોલી મહિલા મંડળ-બીલીમોરા

બુધવાર તા. 16 ના રોજ બીલીમોરા મહિલા મંડળ ની સામાન્યસભા પ્રમુખ શ્રીમતિ શોભાબેનના ઘરે રાખવામાં આવી હતી. તેમાં બહોળી સંખ્યામાંબહેનોએ હાજરી આપી હતી. સૌ પ્રથમ વર્ષ 2015 દરમ્યાન સમાજમાં મૃત્યુ પામેલા દિવંગત આત્માઓની શાંતિ માટે બે મિનિટનું મૌન પાળવા માં આવ્યું હતું.

ત્યારબાદ બહેનોએ તેમના સામાન્ય પ્રશ્નો રોજીંદી મોંઘવારી અને એમાંથી બચવાના ઉપાયો વિશે ચર્ચા કરી હતી. ઠંડીની ઋતુની શરૂઆત થઇ ગઇ હોય માનનીય કાશ્મીરાબેને ખજૂરપાકની અને જયશ્રીબેને અડદિયાપાક ની માહિતી આપી આગામી દિવસોમાં બે દિવસના પ્રવાસ પર જવાની ચર્ચા કરી હતી.

સૌ બહેનોએ પ્રમુખશ્રી શોભાબેનને તેમના વિદેશપ્રવાસ માટે શુભેચ્છા આપી હતી. શોભાબેને સૌ બહેનોને ઝરણાં પુસ્તકની ભેટઆપી. અંતે અલ્પાહારલઇ ગરમાગરમકોફીનો આસ્વાદમાણી સૌ છૂટાપડ્યા.

## સુરત પંચ ઓચ્છવ
## અગત્યની જાહેરાત

તા. ૨૪.૧.૨૦૧૬ના રોજ સુરત પંચનો ઓચ્છવ અને ઇનામ વિતરણ સમારંભ માટે આપના પાસ નીચે જણાવેલ કાર્યકર્તાઓ પાસેથી મેળવી લેવા વિનંતી

**અડાજણ** : મુકેશભાઇ પંચોલી, દક્ષયભાઇ ગજ્જર, ધવલભાઇ પંચોલી, નીલેશ પંચોલી, જીગ્નેશ મિસ્ત્રી (પાલનપુર)

**અથવાલાઈન્સ** : હેમંતભાઇ મિસ્ત્રી, પ્રતિક પંચોલી

**હરીપુરા-રામપુરાઃ** ભરતભાઇ પંચોલ, જતીનભાઇ પંચોલી

**સગરામપુરા** : નિખિલભાઇ જવેરી, ઉમેશ પંચોલી

**ઉધના** : રાજેશભાઇ ગાંધી

**અન્ય** : પંચની ઓફિસથી સવારે ૯.૩૦ થી ૧૧.૩૦ના સમય દરમ્યાન પાસ મેળવી શકાશે..

**વધુ માહિતી માટે સંપર્કઃ** મુકેશભાઇ-૯૮૨૫૪ ૮૧૩૩૭૩, હેમંતભાઇ - ૯૯૨૪૨ ૧૧૦૨૨ ધવલભાઇ-૯૭૨૭૦ ૩૭૯૧૩

## શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ એકાઉન્ટ નંબર

આપનું દાન 'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ'ના નામે વ્યારા શાખાની બેંક ઓફ બરોડાનાં સેવિંગ્સ ખાતા નં.
**02690100010065 IFC Code BARBO VYARAX**
માં જમા કરાવો અને કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...
પ્રમુખશ્રી - મનિષભાઇ એમ. પંચોલી-વ્યારા

## પંચોલી નવયુગ એકાઉન્ટ નંબર

આપનું દાન કે જાહેરાતના પૈસા 'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ A/C પંચોલી નવયુગના નામે દેનાબેંક અંકલેશ્વર-ગોયાબજારની શાખામાં ખાતા નંબર
**014710003655 IFSC code Bkdn 0210147**
માં જમા કરાવો અને કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...
તંત્રી-દિનેશભાઇ એમ. મિસ્ત્રી-વ્યારા

## વ્યારા નિવાસી શ્રીમતી સરસ્વતીબેન અને અરવિંદભાઈ નારણદાસ પંચોલીની ૫૦ મી મેરેજ એનીવર્સરી અને શ્રી અરવિંદભાઈની ૭૫મી *Birthday* નિમિતે શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળને,



**શ્રી અરવિંદભાઈ પંચોલી** જન્મ : તા. ૧૭-૦૧-૧૯૪૦


**શ્રીમતી સરસ્વતીબેન પંચોલી** જન્મ તા. ૦૧-૦૯-૧૯૪૪

**૫૦મી મેરેજ એનીવર્સરી તા. ૧૬.૫.૨૦૧૪**

**₹ ૧,૧૧,૧૧૧/- શૈક્ષણિક વ્યાજ વપરાશ ફંડમાં મળ્યા છે.**

'સુર્યનારાયણ' ૧/૮૦૮, રાયકવાડ સ્ટ્રીટ, વ્યારા જિ.તાપી ૩૯૪ ૬૫૦
PHONE : 02626-222959 MOB. : +91 8980874661/ +918141683919

*Best wishes and congratulations to Dad – Mom / Baa - Daadaa*



આશિષ - ભાવના



અંજના - પ્રવિણકુમાર



લાગણી



શુભમ્



અનમોલ

3045, Kilarney Ridge Loop
CARY NC 27511(U.S.A.)
Phone : 704-552-1743 -
H. 919-457-8657 M.

9612, Autumn Applause Dr.
CHARLOTTE NC 28277 (U.S.A.)
Phone : 704-542-9070
H. - 704-551-2887 M.

## એક વાર જાવું હરીના ધામમાં



અંકલેશ્વર નિવાસી રમેશભાઇ મૂળજીભાઇ પંચોલી તા. ૨૮.૧૦. ૨૦૧૫ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. : ૬૦



વ્યારા નિવાસી અમરતભાઇ ઘેલાભાઇ પંચોલી તા. ૧૨.૧૧.૨૦૧૫ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. : ૫૭



પાવીજેતપુર નિવાસી હિંમતલાલ મોહનલાલ પંચોલી તા. ૧૩.૧૨. ૨૦૧૫ના રોજ હરીના ધામમાં ગયા.



મુંબઇ(બોરીવલી) નિવાસી શ્રીમતિ ઉમાબેન રમેશચંદ્ર દયારામભાઇ મિસ્ત્રી તા. ૧૯.૧૨. ૨૦૧૫ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. : ૬૬



બીલીમોરા નિવાસી ઝવેરભાઇ છગનભાઇ પંચોલી તા. ૨૧.૧૨. ૨૦૧૫ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. : ૮૮



રાજપીપલા નિવાસી છીતાલાલ જેઠાલાલ પંચોલી તા. ૨૦.૧૨. ૨૦૧૫ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. : ૮૦



# કુર્યાત સદા મંગલમ્



વડોદરા નિવાસી શ્રીમતિ નીશાબેન તથા શ્રી કિશોરભાઇ શાંતિલાલ પંચોલીના સુપુત્ર ચિ. બિનોયના શુભલગ્ન બીલીમોરા નિવાસી શ્રીમતિ મનિષાબેન તથા શ્રી પંકજભાઇ બિપીનચંદ્ર મહેતાની સુપુત્રી ચિ. ક્રિષ્ના સાથે તા. ૨૪.૧૧.૨૦૧૫ રોજ થયા.

મુંબઇ(મીરારોડ) નિવાસી શ્રીમતિ મધુબેન અને શ્રી જગદીશકુમાર ગોવિંદદાસ મિસ્ત્રીના સુપુત્ર ચિ. મયુરના શુભલગ્ન કલ્યાણ નિવાસી શ્રીમતિ સ્વાતિબેન તથા શ્રી મહાદેવ હરી મંગેકરની સુપુત્રી ચિ. વીણા સાથે તા. ૨૪.૧૨.૨૦૧૫ રોજ થયા.

## હેપી બર્થડે



વિહાન સુનિલકુમાર રૂવાલા-સુરત તા. ૩૦.૦૧.૨૦૧૫



આર્ષ બ્રિજેશકુમાર પંચોલી-ઑસ્ટ્રેલીયા તા. ૨૯.૧૦.૨૦૧૨



પ્રનીત હિમાંશુભાઇ પંચોલી-બોડેલી તા. ૧૩.૦૧.૨૦૧૫

## ટીપે ટીપે સરોવર ભરાય......

રૂા. ૧૦૦/- વડોદરા નિવાસી શ્રીમતિ હર્ષાબેન(નાના) જયરાજભાઇ (નાના) તરફથી પૌત્ર ચિ. ભવ્ય દક્ષેશ પંચોલીની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે.

રૂા. ૧૫૧/- બીલીમોરા નિવાસી સોનલબેન જતિનભાઇ પંચોલી તરફથી દિપોત્સવી શુભેચ્છા ભેટ..

રૂા. ૨૦૧/- બોડેલી નિવાસી દાદા જગદીશભાઇ એમ. પંચોલી તથા દાદી ઇન્દીરાબેન તરફથી પૌત્ર પ્રનીતની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે

*Printed Book*
**પ્રિન્ટેડ બુક**

**From : Akshar Printers,**
2/3, Ajit Estate, B/h. Old Dena Bank,
Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-2.

Publisher and Printer **Dineshbhai Mistry** on behalf of **Shri Pancholi Seva Samaj Mahamandal**
**Printed** : **Akshar Printers,** 2/3, Ajit Estate, B/h. Old Dena Bank, Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-393 002. Dist Bharuch.
**Published** : 302, Subham Residency, Precom Compound, B/h. Rajkamal Arcade, GIDC. Ankleshwar-2
**Editior : Dineshbhai Mohanlal Mistry Mo. : 98241 71930, 98240 64282. Email : pancholi_navyug@yahoo.com**